સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વા. મંદિર - સરધારનું મુખપત્ર

# શ્રી સ્વામિનારાયણ ચિંતન

નવેમ્બર - ૨૦૧૦
બે વર્ષ લવાજમ રૂ.૧૯૦/









વડતાલ દેશ શ્રી લક્ષ્મીનારાયણ દેવ ગાદીના પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ
શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનું સંતો સાથે યોજાયેલ યુ.કે. સત્સંગ પરિભ્રમણ - ૨૦૧૦




## વડતાલ દેશ શ્રી લક્ષ્મીનારાયણ દેવ ગાદીના પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની પવિત્ર નિશ્રામાં યોજાયેલ યુ.કે.ના વિવિધ વિસ્તારોમાં 'દિવ્ય સત્સંગ સભાઓ' (તા. ૨૪ થી ૨-૧૧-૨૦૧૦)

૧. **ઓલ્ડહામ શ્રી સ્વામિનારાયણ મંદિર**માં બિરાજમાન ઠાકોરજીના દર્શન કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૨-૩. ઓલ્ડહામ શ્રી સ્વા. મંદિરમાં યોજાયેલ 'દિવ્ય સત્સંગ સભા'માં દર્શન-અમૃતવાણીનો લાભ આપતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૪-૫. **શ્રી રાધાકૃષ્ણ મંદિર - ઓલ્ડહામ**માં યોજાયેલ સત્સંગ સભામાં બિરાજમાન પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા લાભ લેતા ભક્તજનો. ૬. મંદિરના પ્રમુખ શ્રી દિનેશભાઈ ચોથાણીને આશીર્વાદ પાઠવતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૭-૮-૯. **બોલ્ટન શ્રી સ્વામિનારાયણ મંદિર**માં પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાંનિધ્યમાં યોજાયેલ સત્સંગ સભા. ૧૦. **હેરો શ્રી સ્વામિનારાયણ મંદિર**માં યોજાયેલ સત્સંગ સભામાં દર્શન-અમૃતવાણીનો લાભ આપતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૧૧. **ઈસ્ટલંડન શ્રી સ્વામિનારાયણ મંદિર**માં યોજાયેલ સત્સંગ સભામાં બિરાજમાન પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા પૂ. સંતો અને લાભ લેતા હરિભક્તો. ૧૨. ઈસ્ટલંડન મંદિરના અગ્રણી કાર્યકર્તા શ્રી શામજીભાઈને આશીર્વાદ આપતા પ.પૂ. લાલજી મહારાજશ્રી.










વડતાલ દેશ શ્રી લક્ષ્મીનારાયણ દેવ ગાદીના પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ  શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના
'યુ.કે. સત્સંગ પરિભ્રમણ - ૨૦૧૦' દરમ્યાન યોજાયેલ હેરો, નિસ્ડન, ઈસ્ટલંડન, વિલ્સડન, વેમ્બલી, લેસ્ટર,
વેલિંગબ્રરો, ઓલ્ડહામ, બોલ્ટન વગેરે વિસ્તારોમાં દિવ્ય **સત્સંગ સભાઓ** તેમજ **પધરામણીઓ** - તસ્વીર દર્શન ઝલક





વડતાલ પીઠાધિપતિ પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી વિદ્યમાન આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના
વરદ્ હસ્તે પ્રતિષ્ઠિત પામેલ શ્રી સ્વામિનારાયણ મંદિર 'harrow kenton'માં પ.પૂ. લાલજી મહારાજશ્રીની પધરામણી




**વડતાલ દેશ શ્રી લક્ષ્મીનારાયણ દેવ ગાદીના વિદ્યમાન પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી યોજાયેલ**
**પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનું સંતો સાથે યોજાયેલ 'યુ.કે. સત્સંગ પરિભ્રમણ - ૨૦૧૦'**

૧-૨-૩. યુ.કે.ના હિર્થો એરપોર્ટ પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા પૂ. સંતોનું સ્વાગતપૂજન કરતા યુ.કે.માં વસ્તા નિષ્ઠાવાન ઉત્સાહી ભક્તજનો. ૪-૫-૬. અ.નિ. ધીરુભાઈ વાઘોડિયાવાળાના સુપુત્ર શ્રી હેંમતભાઈ સોનીના નૂતન શો-રૂમ 'શ્રીહરિ જવેલર્સ'નું ઉદ્‌ઘાટન કરતા પૂ. લાલજી મહારાજશ્રી. ૭-૮-૯. ભાવિક ભક્તજનોના નિવાસસ્થાનોએ પધરામણી કરીને પાવન કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા સાથે પૂ. સંતો. ૧૦-૧૧-૧૨. યુ.કે.ના 'ટાવર ઓફ લંડન'ને પાવન કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી સાથે સંતો-ભક્તો.



:: સંસ્થાપક :: :: અધ્યક્ષ ::


# શ્રી સ્વામિનારાયણ ચિંતન

વર્ષ :- ૬, અંક :- ૫, તા. ૨૦-૧૧-૧૦

:: પ્રયોજક ::
પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

:: પ્રકાશક ::
શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મીનારાયણ દેવ
પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી
**શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર**
તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫.

**તંત્રી : સાધુ પતિતપાવનદાસજી**

:: સંપાદક ::
સ્વામી આનંદસ્વરૂપદાસજી(વેદાંતાચાર્ય)

સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધારનું રજિસ્ટર્ડ મુખપત્ર ઈ.સ. ૨૦૦૫ના જૂન માસથી પ્રારંભાયેલું, દર માસની ૨૦ તારીખે પ્રકાશિત થતું, આપના સમગ્ર કુટુંબ-પરિવારમાં આનંદ અને સંસ્કારની સૌરભ પ્રસરાવે અને જીવનનું અનેરું ઘડતર કરતું સામયિક.

:: લવાજમના દર ::

| | |
|---|---|
| બે વર્ષ | : ₹. ૧૬૦/- |
| પંચવાર્ષિક | : ₹. ૩૫૦/- |
| પચ્ચીસ વર્ષ | : ₹. ૭૫૦/- |
| પરદેશમાં લવાજમ | : $ 200 U.S.A. |
| | : £ 100 U.K. |



:: લવાજમદર અંગે ગ્રાહક પત્ર વ્યવહાર ::
'ચિંતન કાર્યાલય'
શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર
તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫. ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧
**Visit us :** www.sardhardham.org
www.swaminarayanvadtalgadi.org
**E-mail :** chintansardhar@yahoo.in
sardharmandir@gmail.com




# શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહિમા

સુણી સ્વામિનારાયણ નામ રે, સર્યા કંઈક જીવના કામ રે;
કાને એ નામની ભણક પડી રે, તેને અક્ષરપોળ ઉઘડી રે.'
(પુરુષોત્તમ પ્રકાશ : ૨૩/૧૧)

'લેતા સ્વામિનારાયણ નામ રે, થાય શુદ્ધ સહુ નરવામ રે;
સ્વામિનારાયણ નામ જેવું રે, નથી બીજું નામ કોઈ એવું રે.
માટે જે જપશે એ નામ રે, તે તો પામશે અક્ષરધામ રે;
એવો એ નામનો પરતાપ રે, પ્રગટાવ્યો પૃથવી પર આપ રે.'
(પુરુષોત્તમ પ્રકાશ : ૩૩/૧૩-૧૪)

'આજ એ નામનો અમલ રે, તે ન વીસરવું એક પલ રે;
લેતા નામ નારાયણ સ્વામી રે, તે તો જાણો પામ્યા ભવપાર રે..'
(પુરુષોત્તમ પ્રકાશ : ૪૭/૧૨)

'સ્વામિનારાયણ સહુનો, નક્કી લેવરાવ્યું નામ;
ભજન કરાવી આ ભવમાં, આપિયું અક્ષરધામ.'
(પુરુષોત્તમ પ્રકાશ : ૫૪/૧૫)

'સ્વામિનારાયણ નામનો રે, શક્કો બેસારિયો આપ,
એ નામને જે આશર્યા રે, તેના તે ટળિયા તાપ;'
(પુરુષોત્તમ પ્રકાશ : ૫૫/૧૧)

## :: અનુક્રમણિકા ::


૧ શ્રી સ્વા. મહામંત્રરાજનો મહાપ્રોઢ પ્રતાપ... ૦૬

૨ અભણનો આશરો : શ્રી સ્વામિનારાયણ મહામંત્ર... ૧૪

૩ સંપ્રદાયના ગ્રંથોમાં 'શ્રી સ્વામિનારાયણ' મહામંત્ર નામ મહિમા.. ૨૬
- સાધુ અમૃતસ્વરૂપદાસ તથા પાર્ષદ કૃણાલ ભગત - સરધાર

૪ સત્સંગ સમાચાર ૩૨
- સ્વામી ઘનશ્યામદાસજી - રઘુવીરવાડી તથા સાધુ ધર્મવલ્લભદાસજી

૬ શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ - ગઢપુર ૩૬
- સંકલિત


**લેખન-સંકલન : સાધુ અમૃતસ્વરૂપદાસ તથા પા. કૃણાલ ભગત**
ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી - વડતાલ (હાલ-સરધાર)



# श्री स्वामिनारायण
## મહામંત્રરાજનો મહાપ્રૌઢ પ્રતાપ

**'સ્વામિનારાયણ આજ પ્રગટ મહામંત્ર છે,**
**શ્રવણે સાંભળતા કંપે દિનકરદૂત જો;**
**ભવનાં બંધન સઘ કાપી સુખિયાં કરે,**
**શું કહી દાખું મહિમા અતિ અદ્‌ભુત જો. સ્વામિ૦'**

જગતમાં ચોમેર વ્યાપી રહેલા અમાસની રાતના વાતાવરણને પૂનમ સમું બનાવવા ૧૯મી સદીના ઈતિહાસના પાનાને અનંતના જ્યોતિર્મય આભલે અંબાડી વિશ્વને પ્રકાશિત કરવા ચૈત્ર સુદ - ૯ના પવિત્ર દિને પ્રગટેલા; લાખો મુમુક્ષુઓએ જેમના આગમનનો આનંદ માણ્યો હશે એ **ભગવાન શ્રી સ્વામિનારાયણ**નો **પરિચય** એટલે ?

જેમનો પરિચય આપવા માટે **આજથી ૨૦૦ વર્ષ પહેલા** તત્કાલીન ભારતના મહાકવિઓમાં રતનસમા **શીઘ્રકવિ** સ.ગુ. શ્રી **બ્રહ્માનંદ સ્વામી**એ ૮૦૦૦ **કાવ્યપદોની રચના** કરી, પ્રેમસખી સ.ગુ. શ્રી પ્રેમાનંદ સ્વામીએ **૧૪૦૦૦ ભક્તિપદો**ની રચના કરી, સ.ગુ. શ્રી મુક્તાનંદ સ્વામી, સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામી, સ.ગુ. શ્રી નિત્યાનંદ સ્વામી, સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી વગેરે સંતોએ આભને આંબતા અક્ષરો બનાવ્યા તોયે વર્ણન ન થયું...!!!

જેમનો પરિચય મેળવવા બ્રિટીશ ભારતના ખ્રિસ્તી ધર્મગુરુ **બિશપ હેબર** છેક કલકતાથી ગુજરાત દોડી આવ્યા !! ઈંગ્લેન્ડની ધરા પર પગ નથી મૂક્યો તેમ છતાં ભગવાન શ્રીહરિના સમકાલીન દરમ્યાન જ તેઓની **ખ્યાતી** જગચાકડે ફરવા લાગી હતી...!!!

અનેક લખાણો, અનેક વિચારકોના વિચાર, અનેક

વિદ્વાનોની વિચારધારા, અનેક ઋષિમુનિઓએ ઉચ્ચારેલી વેદની ઋચાઓની મધ્યે એક પ્રચ્છન્ન રહેલો એક ભગવાન શ્રીહરિનો આશીર્વાદ કોઈની નજરે ન ચડ્યો...!!

**'છે નામ મારા શ્રુતિમાં અનેક, સર્વોપરી આજ ગણાય એક...'**

એવું નામ છે : 'શ્રી સ્વામિનારાયણ મહામંત્ર.'

'શ્રી સ્વામિનારાયણ' એ એક નામ જ નહિ, પરંતુ એક **વરદાન** છે. જેમણે હજારો જીવોને હાથની હથેળીમાં રમતા રાખી સલામત રાખ્યા..., આભને ટોડલે રમાડી અને પાંખો આપી, જગતના ચોકમાં ખેલાવીને પોતાની આજાન બાહુનું બલિદાન આપ્યું.

યંત્ર માણસને ઝડપ અને સુવિધા આપે છે, તંત્ર માણસને વ્યવસ્થા અને સરળતા આપે છે, પરંતુ જ્યાં યંત્ર કામ ન લાગે, જ્યાં તંત્રથી પાર ન પડે, ત્યાં..., ત્યાં **મહામંત્રની પવિત્ર ઉર્જા** મનુષ્યને તારે છે. અહિં **'શ્રી સ્વામિનારાયણ'** મહામંત્રની એવી **ઉર્જાનું સ્મરણ** છે.

આજથી ૨૦૯ વર્ષ પહેલા સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણે **સ્વમુખે** આ **મહામંત્ર** આપ્યો ત્યારે સાથે સાથે **મહિમા** પણ તેમણે જ કહ્યો જેની નોંધ લેતાં પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજ **'શ્રીહરિલીલામૃત'** ગ્રંથમાં કહે છે :

**'ષડક્ષરી મંત્ર મહાસમર્થ, જેથી થશે સિદ્ધ સમસ્ત અર્થ;**
**સુખી કરે સંકટ સર્વ કાપે, અંતે વળી અક્ષરધામ આપે.**
**ષડક્ષરો છે ષટ શાસ્ત્ર સાર, તે તો ઉતારે ભવસિંધુ પાર;**
**છયે ઋતુમાં દિવસે નિશાયે, સર્વે ક્રિયામાં સમરો સદાયે.'** (શ્રીહરિલીલામૃત : ૫/૩)

આજથી ૨૦૯ વર્ષ પહેલા ઉચ્ચારેલા **ભગવાન શ્રી સ્વામિનારાયણ**ના આ દિવ્ય વરદાનરૂપી **વચનો** ગઈકાલે, આજે અને આવતીકાલે, હંમેશને માટે **સત્ય** છે અને **શાશ્વત** છે.

'શ્રી સ્વામિનારાયણ' મહામંત્રનો **દિવ્ય અનુભવ** પૂર્વે હજારો હરિભક્તોએ કર્યો છે, વર્તમાનકાળે સેંકડો હરિભક્તો કરી રહ્યા છે અને ભવિષ્યમાં પણ લાખો મુમુક્ષુ જીવાત્મા દિવ્ય અનુભવ કરતા રહેશે.

'શ્રી સ્વામિનારાયણ' મહામંત્ર અનેક કષ્ટોના સાગરમાં **નૌકા** બની રહે છે. જ્યાં માણસનું બાહુબળ, બુદ્ધિબળ, સંપત્તિબળ કે લોકબળ ખૂટી પડે છે ત્યાં **'શ્રી સ્વામિનારાયણ'** મહામંત્રની **પવિત્ર ઉર્જા** તેને તારે છે.

ઉદ્યોગપતિ હોય કે વેપારી, ડોક્ટર હોય કે વકીલ, વિમાનના પાઈલટ હોય કે કોલેજના પ્રાધ્યાપક, દરેક વ્યવસાય જ્યારે આપત્તિઓમાં અટવાઈએ ત્યારે **મહાસાગર** સમો લાગે છે. અણધારી આવનારી આપત્તિ-મુશ્કેલીઓની જાણ કોઈને નથી હોતી. કેવી રીતે પાર કરીશું આ અજાણ્યા ઊછળતા મહાસાગરને ? આવા સમયે અનેક દ્વિધાઓ અને મૂંઝવણોમાં મન ને મગજ બહેર મારી જાય છે ત્યારે તેમાંથી ઉગર્યાનો **એક જ ઉપાય** છે. અને તે છે.... **'શ્રી સ્વામિનારાયણ'** મહામંત્ર

શરીર સ્વાસ્થ્ય માટે આરોગ્યની જટિલ સમસ્યાઓ ક્યારેક દર્દી માટે અને તેના સગા-સ્નેહીજનો માટે કાંટાળી કેડી બની જાય છે, ક્યારેક નિષ્ણાંત ડોક્ટરો માટે પણ પ્રત્યેક પગલું સંભાળીને લેવા છતાં પણ સ્વાસ્થ્ય-આરોગ્યમાં એક પછી એક વેદનાદાયક **કાંટાઓ** ચૂભતા રહે છે. ક્યારેક આ કાંટાળી કેડીનો કોઈ અંત દેખાતો નથી, તેની બદલે જીવનનો અંત દેખાય છે...!! એવા છેલ્લામાં છેલ્લા સંજોગોમાંય અચાનક અશક્ય ઘટનાઓ **શક્ય** બની જાય અને કાંટાળી વાટમાં **પુષ્પો** પાથરવાનો **એકમાત્ર ઉપાય** છે. અને તે છે.... **'શ્રી સ્વામિનારાયણ'** મહામંત્ર

જગતના દરેક મનુષ્ય પાસે સંઘર્ષ સામે લડવાની એક મર્યાદા હોય છે. જ્યારે જીવન અને મરણના સંઘર્ષનો **જ્વાળામુખી** ફાટી રહ્યો હોય ત્યારે તેની અગનજ્વાળામાં ભલભલા વીર માનવોની ધીરજ અને હિંમત પળભરમાં બાષ્પ બનીને ઊડી જાય છે. પરંતુ એવા તાપમય સંજોગોમાં સામાન્ય માણસો પણ ક્યારેક પ્રચંડ ઉર્જાથી હર્યાભર્યા થઈ જાય છે, અનન્ય જોમ સાથે તેઓ સંઘર્ષના વમળમાંથી તરી જાય છે. ક્યારેક નજર સામે મરણના લેખ લખાઈ જાય છે તેવા સંજોગોમાં પણ તેઓ અચાનક ઊગરી જાય છે. કેવી રીતે ઉગરે છે ? તો ઉગરવાનો **એકજ સહારો** છે. અને તે છે.... **'શ્રી સ્વામિનારાયણ'** મહામંત્ર



જિંદગીમાં ક્યારેક હાર-જીતના ખેલ ખેલાય છે, ક્યારેય ચઢ-ઊતરની સર્પ-સીડીની રમત

રમાય છે; પરંતુ આધિ-વ્યાધિ-ઉપાધિની ભડકતી જ્વાળાઓ વચ્ચે **'શ્રી સ્વામિનારાયણ' મહામંત્ર** કેવી રીતે શીતળતા, શાંતિ, ધીરજ, સ્થિરતા અને પવિત્રતા બક્ષે છે તેના કેટલાક પ્રસંગો સંતો-ભક્તોએ જાતે અનુભવેલા અને ચરિત્રો ગ્રંથોમાં પણ લખાયેલા અનેકાનેક પ્રસંગો સંપ્રદાયમાં ઘેર-ઘેર ગુંજી રહ્યા છે તે પ્રસંગોનું શ્રદ્ધાએ સહિત અત્રે '...જ્યારે **'શ્રી સ્વામિનારાયણ'** મહામંત્રને ૨૦૯ વર્ષ પૂર્ણ થાય છે ત્યારે ગઢડા મધ્ય પ્રકરણના ૧ ૩માં વચનામૃતના વચનો અનુસાર **અક્ષરધામ તુલ્ય** ગુજરાત રાજ્યના ભાવનગર જિલ્લાનું સોહામણું મહાતીર્થધામ અને શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનું સર્વોપરી તુલ્ય **ગઢપુરમાં શ્રી ગોપીનાથજી મહારાજ**ના દિવ્ય સાંનિધ્યમાં આપણા હૈયાના હાર સંપ્રદાયના સંવાહક વડતાલ પીઠાધિપતિ **પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી વિદ્યમાન આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી **પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના સંપૂર્ણ માર્ગદર્શન મુજબ **સં. ૨૦૬૭ માગશર વદ - ૨, તા. ૨૩-૧૨-૨૦૧૦ થી સં. ૨૦૬૭ માગશર વદ - ૧૧, તા. ૩૧-૧૨-૨૦૧૦** (મહામંત્ર ઉદ્‌ઘોષણા દિન, તા.૩૧-૧૨-૧૮૦૧) સુધી ઉજવવામાં આવનાર **'શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ'**ના ઉપક્રમે ઉત્સાહસભર...' **'કોટિમાંથી કિંચિત્'** ન્યાયે યથાશક્ય સ્મરણ કરીશું.



## શ્રી સ્વામિનારાયણ મહામંત્રના નાદે..., મરેલી ઘોડીની જીવતી કરી...

એકવખત સ.ગુ. શ્રી વ્યાપકાનંદ સ્વામી વિચરણ કરતા કરતા ગઢપુર પાસેના **બોટાદ** ગામમાં પધાર્યા. ગામધણી દેહાખાચરના દરબારગઢમાં સંતોએ ઉતારો કર્યો. જ્યાં સ્વામીએ ઉતારો કર્યો ત્યાં તો દેહાખાચરને **હૈયાફાટ રૂદન** કરતા જોયા. સ્વામી આ કરુણ કલ્પાંતનું **કારણ પૂછ્યું** તો ખબર પડી કે દેહાખાચરને દીકરા કરતાં ય તેમની વ્હાલી ઘોડી જે હતી તે મૃત્યુ પામી હતી તેથી તેઓ રૂદન કરી રહ્યા છે.

સ્વામી બહુ દયાળુ હતા. તેથી સ્વામી સહજભાવે બોલી ગયા, 'બધા આઘા ખસો, ક્યાં છે ઘોડી ? લાવો, અમને જોવા દો.' એમ કહી સ્વામી મૃત્યુ પામેલી ઘોડી પાસે જઈ બેસી ગયા ને ભગવાન શ્રીહરિને પ્રાર્થના કરી ઘોડીના કાનમાં આગળ મોં રાખી **'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...'** આમ, ત્રણ વખત જ્યાં મહામંત્રનો જપ કર્યો ત્યાં તો ઘોડી હણહણીને બેઠી થઈ...!!!

આ ચમત્કાર હતો આ **મહામંત્ર**નો... વિશ્વાસ અને શ્રદ્ધાએ સહિત કરેલો **મહામંત્રનો જપ** મરેલા મડદાને પણ બેઠા કરે છે.

## શ્રી સ્વામિનારાયણ મહામંત્રના નાદે..., મરેલા બ્રાહ્મણપુત્રને બેઠો કર્યો...

એકવખત સ.ગુ. શ્રી વ્યાપકાનંદ સ્વામી સત્સંગ કરાવવા માટે **બુંદેલખંડ**માં સત્સંગ કરાવવાને માટે ગયા હતા. ત્યાં એક **ધાર્મિક બ્રાહ્મણ** હતો તે સ્વામીને પોતાના ઘેર લઈ ગયો અને પવિત્રપણે રસોઈ બનાવીને સંતોને જમાડવા બેસાડ્યા. આજ સમયે બ્રાહ્મણના ઘેર એક **અઘટિત ઘટના** બની ગઈ. બ્રાહ્મણનો એકનો એક પુત્ર મરણ પામ્યો. તેથી બ્રાહ્મણ અતિ શોકાતુર બન્યો. એક બાજુ પુત્રના વિયોગનું દુઃખ હતું તો બીજી બાજુ ધર્મસંકટ હતું કે, હવે શું કરવું ? કારણ કે પુત્રના મૃત્યુથી ઘરમાં સૂતક લાગે તેથી પવિત્ર સંતોને જમાડી ન શકાય. અને સંતોને વાત કરું તો સંતો મારા ઘેરથી ભૂખ્યા જતાં રહે તે પણ દોષ લાગે અને વાત કરું તોપણ દોષ લાગે.

છતાં પણ મૂંઝાયેલા બ્રાહ્મણે પછી નિર્ણય કરીને, બે હાથ જોડીને તે આગંતુક સંતોને કહેવા લાગ્યો: "હે સંતો ! હું મોટો અભાગી છું. ઘણાં દિવસથી તમારા જેવા પવિત્ર સંતોને જમાડવાની ઈચ્છા હતી અને તમો પધાર્યા એટલે મારી ઈચ્છા પૂર્ણ કરવા માટે મેં

રસોઈ બનાવી તથા તમોને પીરસ્યું, પરંતુ અત્યારે જ મારો પુત્ર મૃત્યુ પામ્યો છે તેના કારણે મારે સૂતક આવ્યું એટલે તમોને જમાડવાનો લ્હાવો મને ન મળ્યો અને મારો મનોરથ વ્યર્થ થયો.'' મારા આંગણેથી તમો ભૂખ્યા જાઓ છો તેનું મને પારાવાર દુઃખ થાય છે. હવે મારે કેમ કરવું તે મને સમજાતું નથી, માટે મારા ઉપર કૃપા કરો.'' બ્રાહ્મણની વાત સાંભળી વ્યાપકાનંદસ્વામીએ કહ્યું: ''હે ભૂદેવ ! તમો બાળક પાસે જાઓ અને **'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...'** એમ આ મહામંત્ર નો જપ કરો.'' સ્વામીના વચનમાં વિશ્વાસ લાવી બ્રાહ્મણ, મૃતપુત્ર પાસે જઈ **સ્વામિનારાયણ** નામનું ભજન કરવા લાગ્યો. ત્યાંતો આશ્ચર્ય થયું ! જેમ સૂતેલો બાળક આળસ મરડીને બેઠો થાય તેમ બાળક બેઠો થયો.

બ્રાહ્મણના આનંદનો પાર ન રહ્યો, બાળકને લઈને બ્રાહ્મણ સ્વામી પાસે આવ્યો અને **દંડવત્ પ્રણામ** કરી શ્રીહરિનો આશ્રિત થયો. (ભક્તચિંતામણી : પ્ર. ૧૩૦ના આધારે)

## યમપુરી ખાલી કરાવી...

એકવખત ભગવાન શ્રી સ્વામિનારાયણ **કાલવાણી** ગામે સંતો-ભક્તોની સભા કરીને બિરાજમાન થયા હતા. ત્યાં એક **ભીમભાઈ** નામના ભક્તે મહાપ્રભુ શ્રીહરિને **પ્રાર્થના** કરી જે, 'હે મહારાજ ! આ લોકમાં કોઈ રાજાનો **રાજ્યાભિષેક** થાય ત્યારે તમામ કેદીઓને મુક્ત કરી દે છે. તો આપ તો અક્ષરધામના અધિપતિ છો, આપનો આ **ગાદીપટ્ટાભિષેક** થયો ને આ ગાદીએ બિરાજમાન થયા તો આપ કોઈ સંતને યમપુરીમાં મોકલી, ત્યાં પીડાતા બિચારા અનંત જીવોને શું આપ છોડાવી ન શકો ?' હે કરુણાના સાગર ! આપ તો મહાસમર્થ છો, તો આપ એ યમપુરીમાં પીડાતા અનેક જીવો ઉપર દયા કરો... દયા કરો...!!

ત્યારે આ પ્રેમી ભક્તની પ્રાર્થના સાંભળી શ્રીજીમહારાજે સ્વરૂપાનંદ સ્વામીને આજ્ઞા કરી જે, 'સ્વામી ! તમો સમાધિ કરી યમપુરીમાં જઈને ત્યાં અમારા આ **'સ્વામિનારાયણ'** મહામંત્રના જાપથી સહુ નરકમાં પીડાતા જીવોને બહાર કાઢી ભૂમાપુરુષના ધામમાં મોકલી દો.'

આમ કહી સ્વામીને સામે બેસાડી શરૂ કરાવી **'સ્વામિનારાયણ'** મહામંત્રની ધૂન્ય, ત્યાં તો સમાધિ થઈ ગઈ. સમાધિમાં સ્વરૂપાનંદ સ્વામી ભગવાન શ્રીહરિની આજ્ઞા પ્રમાણે **'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...'** આ મહામંત્રના પ્રતાપે યમપુરીમાં અનંત યાતનાઓ ભોગવનાર જીવોને યમપુરીમાંથી મુક્ત કરી, ભૂમાપુરુષના લોકમાં મોકલી પાછા આવ્યા ને સમાધિમાંથી ઊઠી સૌને આ વાત કરી.

**'જોયા નરકમાં પિડાતા પ્રાણી, અતિ અંતરમાં દયા આણી;**
**લીધુ સ્વામિનારાયણ નામ, નાઠ્યા સાંભળી દૂત તમામ.'** (શ્રીહરિલીલામૃત : ૫/૬/૪૩)

## 'શ્રી સ્વામિનારાયણ' મંત્રમાં બધાં મુહૂર્ત આવી ગયાં...!!!


ભગવાન શ્રીહરિ રાજકોટમાં અંગ્રેજ ગવર્નર સર માલ્કમ સાહેબને મળીને પાડાસણ, સમઢીયાળા, સાજડિયાળી થઈને ખોખરા (હાલ સરધાર પાસે આવેલ ભૂપગઢ ગામ) પધાર્યા હતા. ત્યાં ભક્તોને સુખ આપીને શ્રીજીમહારાજ ગઢપુર જવા ચાલતા થયા. ભગવાન શ્રીહરિનો મેનો ચાલ્યો એટલે બાઈઓ મંગળ ગીતા ગાવા લાગી. તે સાંભળી મહારાજ બોલ્યા : 'આ ગામ તો **ગોકુળ જેવું** લાગે છે.'

તે વખતે શ્રીજીમહારાજના મેના સાથે ચાલતા કાના સિંધવે તથા વસ્તા ભક્તે ભગવાન શ્રીહરિને કહ્યું : 'મહારાજ ! અમારા ગામમાં કોઈ બ્રાહ્મણ નથી, એટલે મુહૂર્ત જોવરાવવું હોય ત્યારે મૂંઝવણ થાય છે.'

શ્રીજીમહારાજ તેમની વાત સાંભળી હસ્યા. પછી કહ્યું : 'તમારે **'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...'** કહીને સાંતી જોડવા, વાસ્તુ કરવું. બધાં મુહૂર્ત તે મંત્રમાં આવી જાય છે.'

**'લઇ સ્વામિનારાયણ નામ, સદા આદરવું શુભ કામ;**
**સુણી એવું શ્રીજીનું વચન, હરિજન સહુ હરખીયા મન.'** (શ્રીહરિલીલામૃત : ૯/૧૧/૧૯)

## શ્રી સ્વામિનારાયણ ભજનથી અનાવરણ સ્થિતિ...



અમદાવાદમાં **ડોસાભાઇ** નામના મુસલમાન ભક્ત રહેતા હતા. જાતિએ કરીને તેઓ **તાઇ** હતા.

એકવખત તેઓ ખેતર જઈને કામકાજ કરતા હતા તે સમયે સ્વામિનારાયણ ભગવાન કાઠી ભક્તો સાથે ઘોડેસ્વાર થઈને **અમદાવાદ** આવતા હતા. તેથી ડોસાભાઈએ શ્રીહરિને જોયા અને તેમનું મન ખેંચાયું, એટલે વટેમાર્ગુ લોકોને પૂછ્યું : "આ મહારાજા જેવા આભૂષણો પહેરીને કોણ જાય છે ?" ત્યારે લોકોએ કહ્યું: "એ તો સ્વયં સ્વામિનારાયણ ભગવાન છે."

શ્રી સ્વામિનારાયણ નામ સાંભળતાંજ તેમના હૃદયમાં તે નામ કંડારાઈ ગયું ! અને ઘાટ-સંકલ્પો વિરામ પામી ગયા. તેથી પોતે નક્કી કરી વાળ્યું કે-"એ ભગવાનજ છે, તે સિવાય મારા હૃદયમાં આટલીબધી શાંતિ થાય નહિ." પછી તો તેઓ **સ્વામિનારાયણ** નામનું સ્મરણ કરતાં કરતાં શહેરમાં આવ્યા અને લોકોને પૂછવા લાગ્યા : "સ્વામિનારાયણ ભગવાન ક્યાં ઉતર્યા છે.?" ત્યારે કોઈકે મંદિર બતાવ્યું. તુરંત મંદિરે આવ્યા. ત્યાંતો શ્રીજીમહારાજ ઊંચા સિંહાસને બેઠા હતા. ડોસાભાઈ તો મહિમા સહિત **દર્શન** કરવા લાગ્યા. તે સમયે શ્રીજીમહારાજે તેમની સામું જોયું, તેથી બન્નેની ચાર આંખો ભેગી થતાં ડોસાભાઈને **સમાધિ** થઈ ગઈ ! સમાધિમાં તેઓએ અક્ષરધામ જોયું. બે કલાક પછી સમાધિ ઉતરી તેથી શ્રીહરિને **સર્વોપરી ભગવાન** જાણી વારમવાર **દંડવત** કરવા લાગ્યા. પછી વર્તમાન ધારીને કંઠી બંધાવી ઘેર ગયા અને **દરરોજ** કાળુપુર મંદિરમાં દર્શન કરવા આવવા લાગ્યા. ત્યાં કથા વાર્તા સાંભળવા લાગ્યા, તેથી પાકા **ધર્મનિયમો** પાળતા થઈ ગયા.




આ બાજુ મુસ્લિમ નાતને ખબર પડી તેથી ડોસાભક્તને બોલાવી સત્સંગ છોડી દેવા સમજાવ્યા પરંતુ માન્યા નહિ, એટલે ખૂબ માર્યા, તોપણ **ભજન** કરવું છોડ્યું નહિ. પછી સંબંધી લોકોએ ઘરમાં પુરી દીધા અને ખાવા પીવાનું ન આપ્યું. આ રીતે ત્રણ દિવસ અંધારા ઘરમાં, ભૂખ્યા-તરસ્યા ડોસાભક્તે **'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...'** મહામંત્રનું ભજન કર્યું. આવી દૃઢતા જોઈને કરુણાસાગર શ્રીહરિજીએ દિવ્ય દર્શન દઈ, ડોસાભક્તના શરીરે હાથ ફેરવ્યો. તુરંત ભૂખ-તરસનું દુઃખ જતું રહ્યું અને શરીરને નિરાવરણ કરી દીધું ! તેથી ડોસાભક્ત બહાર નીકળ્યા.

ઘરમાં એકપણ તિરાડ ન પડી અને ડોસાભક્ત બહાર નીકળી ગયા, તે જોઈને લોકો આશ્ચર્ય પામી ગયા. પરંતુ ક્રૂર સ્વભાવના યવનોએ ફરીને ડોસાભક્તને પકડી અંધારી કોટડીમાં એક થાંભલા સાથે જકડીને બાંધી દીધા. પરંતુ **'રામ રાખે તેને કોઇ ન ચાખે'** આ કહેવત મુજબ દયાસિંધુ શ્રીહરિની ઈચ્છાથી ડોસાભકત આપમેળે છૂટી ગયા અને ઠેઠ **ધોળકા** ગામ નીકળ્યા. ત્યાં તેમના સગાઓ જોઈ ગયા, એટલે તેઓએ પણ ઘરમાં પૂરી દીધા. ત્યાંતો તુરંત ઘરની બહાર નીકળ્યા. પછી તે **અમદાવાદ** મૂકી ગયા. આટલા બધા ચમત્કારો જોયા, છતાંપણ નરાધમ યવનોએ ડોસાભક્તનો પીછો ન છોડ્યો. એક દિવસ ભક્તને પકડીને નિર્જન સ્થાનમાં લઈ ગયા. ત્યાં ઊંડો ખાડો ખોદીને કહ્યું : "એય ડોસા ! સ્વામિનારાયણનો ધર્મ છોડી દે, નહિતર આ ખાડામાં દાટીને તને મારી નાખીશું, બોલ શું વિચારે છે ?" ત્યારે ડોસાભક્તે જવાબ આપ્યો : "મરવું એ મારે મન **આનંદ** છે. કેમકે-મારું મૃત્યુ થાય તો તુરંત મને **અક્ષરધામ** મળશે."

આવું સાંભળી ક્રોધાયમાન થયેલા મુસલમાનોએ તુરંત ઊંડાં ખાડામાં ડોસાભક્તને નાખીને ઉપર માટી વાળીને પૂરી દીધા. પછી સહુ ઘેર આવ્યા ત્યાંતો ઓસરીમાં બેઠા બેઠા ડોસાભક્ત **'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...'** મહામંત્રનું સ્મરણ કરતા માળા ફેરવતા હતા ! આ દૃશ્ય જોઈને તેઓ આભા જ બની ગયા ! પછી માફી માંગી હેરાન કરવાનું છોડી દીધું.
(આદર્શ ભક્તગાથાના આધારે...)

## ખાખીઓએ બંધ કરેલો સિંચોડો
## સ્વામિનારાયણ મહામંત્રથી ચાલુ થયો...



એક વખત ગામ **માંડવધાર**માં હરિજને વાડે સિંચોડો ફરતો હતો તેવામાં ત્યાં એક ખાખી

બાવાની જમાત આવી ને બોલ્યા કે 'અઢાર કડા ગોળની અને બસો સાંઠા શેરડીના આપો નહિ તો તમારો સિંચોડો બંધ કરી દેશું.' એમ કહી મોઢામાંથી અંગારા કાઢવા લાગ્યા ત્યારે હરિજને તે ખાખીને સમજાવ્યા પણ સમજ્યા નહિ. પછી હરિજને એકાંતમાં વિચારીને ગઢડે બે હરિજનને મહારાજ પાસે મોકલ્યા ત્યારે તેણે ત્યાં જઈ મહારાજને પગે લાગીને ખાખીની વાત કહી ત્યારે મહારાજે તેને કહ્યું, 'તમે આ સચ્ચિદાનંદ સ્વામીને તથા બીજા ચાર સાધુને સાથે તેડી જાઓ.' ત્યારે તેણે એ પાંચ સાધુને સાથે લીધા ને મહારાજને પગે લાગીને ચાલ્યા પછી રસ્તામાં સચ્ચિદાનંદ સ્વામીએ તે હરિજનને કહ્યું, 'તમે બેમાંથી એક જણ ગામમાં જઈને ચાર સુતરના કોકડાં લઈ આવો ને અમે વાડે જઈએ છીએ.' એમ કહી હરિજનને સાથે લઈને સ્વામી વાડે ગયા ને માંડવામાં ઉતર્યા તે વખતે વીશ ખાખી ચીંપીયા લઈને સ્વામી પાસે આવીને બેઠા ને બોલવા લાગ્યા કે, 'જીવનમુક્તા આયો હો ક્યું ?' ત્યાં તો હરિજન ગામમાંથી સુતરના ચાર કોકડાં લઈને આવ્યો તે લઈને સ્વામીએ સિંચોડાની જગ્યાએથી બળદ છોડાવીને ત્યાં સુધી દોરા બાંધ્યા ને હરિજનના હાથમાં સુતરના તાંતણા દીધા પછી સ્વામીએ તે ખાખીઓને કહ્યું, 'તમે સિદ્ધ હો તો બળદ વિના આ સિંચોડો ફેરવી આપો નહી તો હું ફેરવી દઉં.' ત્યારે તે બોલ્યો, જે 'તમે ફેરવી દીયો.' પછી સચ્ચિદાનંદ સ્વામી **'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...'** બોલતા ઉઠ્યા ને સિંચોડાને આંટો દઈ **સ્વામિનારાયણ** ભગવાનનું **નામ** લઈને તાળી પાડી તેજ વખતે સિંચોડો ફરવા લાગ્યો તે જોઈને બધા ખાખીઓ તથા અખાડાના અને ગામના બીજા માણસો પણ આશ્ચર્ય પામ્યાં ને હરિજનો શેરડી ઓરવા લાગ્યા તે પોણી કલાકમાં કુંડી ભરાઈ ગઈ. (શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ - ૩ : ૫૧૬)

## 'શ્રી સ્વામિનારાયણ' મહામંત્રથી કોઈ મોટો મંત્ર નથી !!!

ગામ **બોટાદના અજોમહારાજ** કરીને શ્રીમાળી બ્રાહ્મણ હતા. તે કારીયાણીએ શ્રીજીમહારાજના દર્શને ગયા. પછી મહારાજે શંભુશુક્લને કહ્યું જે, ''આ અજામહારાજનું વરુણ કરો.'' ત્યારે અજોમહારાજ કહે જે, 'મહારાજ ! હું ભણ્યો નથી.' મહારાજ કહે, ''તમે તો મહામંત્ર ભણ્યા છો ને ?'' અજોમહારાજ કહે, 'હું મહામંત્ર પણ ભણ્યો નથી.' પછી મહારાજ લઘુશંકા કરવા પધાર્યા ત્યારે અજોમહારાજ પાછળ પાછળ ગયા અને કહ્યું જે, 'મહારાજ ! તમે કહો છો કે તું મહામંત્ર ભણ્યો છે ?' ત્યારે મહારાજ કહે, **'તું ભજન કેનું કરે છે ?''** ત્યારે તેણે કહ્યું જે, **'તમારૂં.'** મહારાજ કહે, ''શું કરે છે ?'' ત્યારે તેણે કહ્યું જે, **'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...** ભજન કરૂં છું.' ત્યારે મહારાજ કહે, **''એથી કોઈ મોટો મહામંત્ર નથી** માટે જા જપ કરવા બેસી જા.'' પછી તેનું વરુણ કરાવીને મંત્રનો **જાપ** કરવા બેસાર્યા. (સ.ગુ. શ્રી અક્ષરાનંદ સ્વામીની વાતો : ૨૫૧)

## સર્પનું ઝેર ઉતરાવવાનો ઈન્કાર !

કાઠિયાવાડમાં **લંગાળા** નામનું ગામ આવેલું છે. તે ગામમાં આપણા સંપ્રદાયના મહાન ભક્તરાજ **દાનભગત** થઈ ગયા છે. જેઓને સ્વામિનારાયણ ભગવાને કહ્યું હતું કે-''તમો બન્ને પતિ-પત્ની ગોલોકધામના મુક્તો છો.'' જ્યારથી તેઓને ખબર પડી ત્યારથી બન્ને પતિ-પત્નીએ બ્રહ્મચર્યવ્રત પાળીને સાંખ્યયોગનો સ્વીકાર કર્યો હતો.

એક સમયે દાન ભગતનાં પત્નીને અચાનક સર્પ કરડ્યો તેથી સ્નાન કરી પવિત્ર થઈ બન્ને જણ **'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...'** મહામંત્રનું ભજન કરવા લાગ્યાં.

આ વાતની ગામના લોકોને ખબર પડી તેથી તેઓએ આવીને કહ્યું : ''અમો ઝેર ઉતારનારને બોલાવી લાવીએ.''ત્યારે દાન ભક્તના પત્નીએ જવાબ આપ્યો: ''શ્રીજીમહારાજની ઈચ્છા હશે તેમ થશે. મારો દેહ પડી જાય તોપણ ફાયદો જ છે કારણકે, સર્પ નહિ ઉતરે તો ધામમાં જવા મળશે, તેથી આ લોક કરતાં પણ અનંતગણું ત્યાં દિવ્ય સુખ મળશે અને શ્રીજીમહારાજની પ્રત્યક્ષ સેવા કરવાનો લાભ મળશે; તેમજ મુક્તોનાં દર્શનનો હંમેશાં લાભ મળશે.'' એમ કહીને ભજન કરવા લાગ્યાં. ત્યાં તો ઝેર ઉતરી ગયું...!!!

## 'શ્રી સ્વામિનારાયણ' મહામંત્રના ભજનથી વેશ્યાઓનો પણ ઉદ્ધાર થયો...



તે સમયે ભુજના કારભારી જગજીવન નામે હતા. તે જાતે નાગર બ્રાહ્મણ હતા. તે પોતે સત્સંગ વિરોધી હતા અને એની સ્ત્રી તથા બહેન બંને દૃઢ સત્સંગી હતાં. આ કારણથી એમની ઉપર પણ મર્યાદા મુકીને ઈર્ષ્યા કરતા અને એમને બાળવા માટે ચાકર કે કોઈ ક્ષુદ્ર હોય તેને પણ 'સહજાનંદ' એવા

અપમાનભર્યા નામથી બોલાવીને, બહુ જ હલકું કામ કરવાનું પણ કહેતો. એક વખત બે વેશ્યાઓને બોલાવીને સમજાવીને, સુંદરજી-હીરજીને ઘેર મોકલી. તેણીઓ ઘરમાં મહારાજ પાસે આવી પોતાની જાતિની ચિત્ર ચેષ્ટાઓ કરવા મંડી. તેને જોઈને મહારાજ બોલ્યા કે, 'શરમ મર્યાદા મુકીને વેશ્યા થઈને આવી દુષ્ક્રિયાઓને અહર્નિશ કરો છો, તેથી જમપુરીનો માર ખાઈને મરી જશો તો પણ છુટકો થવાનો નથી.' ત્યારે તે વંઠેલ વેશ્યાઓ બળથી બોલી કે, 'જમપુરી વળી કેવી હોય ? એ તો એક ભોળા લોકોને છેતરવા માટે તુત ઊભુ કર્યું છે.' ત્યારે તે નાસ્તિકીઓને સમાધિ કરાવીને જમપુરીમાં મોકલી. ત્યાં એક કલાક રાખી. ત્યાં તો 'મારો મારો, કાપો કાપો, ખાવો ખાવો' એવા ભયંકર ભુંડા શબ્દોને સાંભળીને, તેમજ એવું બીજું ભયાનક દશ્ય દેખીને અત્યંત ત્રાસ પામીને, મહારાજની મરજી થતાં બારણે આવીને બોલી કે, 'હે મહારાજ ! આ તો બહુ દુઃખ અસહ્ય છે, એ દુઃખ કોઈ રીતે મટે અને સુખ મળે એવો ઉપાય બતાવો.' ત્યારે દયાળું મહારાજે સહેલો ઉપાય બતાવ્યો કે, 'આ સર્વથા નીચ ધંધો છોડીને પુરુષમાત્રને ભાઈ બાપ જેવા માનીને **'સ્વામિનારાયણ'** એવા મંગળ નામથી ભજન કરો તો એ દુઃખ ટળે.' એટલે મુમુક્ષુ વેશ્યાઓએ તેમ કરવા તત્પરતા જણાવી. એટલે એમને સમાધિ દ્વારા સુખસમુદ્ર અક્ષરધામ દેખાડ્યું. પછી તે વેશ્યાઓ પિંગળા વેશ્યા કે જેમાંથી દત્તાત્રેયમુનિએ ગુણ ગ્રહણ કર્યો હતો તેની પેઠે પોતાનો પાપધંધો છોડીને સત્સંગી થઈ.

(સ.ગુ. શ્રી અદ્‌ભુતાનંદ સ્વામીની વાતો : ૨૮)

## અમદાવાદમાં 'સ્વામિનારાયણ' ભજનથી સર્પનો ભય ટળ્યો...

પછીથી મહારાજે દોઢસો સાધુઓને અમદાવાદ જવાનો આદેશ આપ્યો. પોતે તો માણાવદર, ધોરાજી થઈને ભુજ પધાર્યા. સાધુઓ ત્યાંથી હાલ્યા તે અમદાવાદ આવીને ઉત્તર દિશામાં ઉજડ દરીયાખાનના જીર્ણ ઘુમટમાં ઉતર્યા (કોઈ મોટા દરીયાખાન નામના યવનની એ મોટી ઘોર હતી) રાત્રિએ **'સ્વામિનારાયણ'** નામથી જોરથી ભજન કરવા એક સાથે મંડ્યા. તે સમયે તેમાં વર્ષોથી રહેતાં હજારો ભૂત આવ્યાં અને કરગરીને બોલ્યા કે, 'અમારે રહેવાનું એકાંત ઘર હતું તે તમોએ લઈ લીધું. હવે અનરાધાર અમે ક્યાં જઈએ ?' એમ કહીને એક સાથે રડવા મંડ્યા. તેનો કરુણ સાદ સાંભળીને દયાળુ આનંદસ્વામીએ તુંબડામાંથી પાણી લઈને સર્વની ઉપર છાંટ્યું અને આશીષ આપી કે, 'તમે બધાં બદરીકાશ્રમમાં જઈને સુખેથી રહો.' સ્વામીના આવા વચનથી સર્વે ભૂતો બહુ રાજી થઈને બદરીકાશ્રમમાં ગયાં.

એક દિવસ શહેરમાં કોઈ મોટો શાહુકાર દેહ મૂકી ગયેલો. તેના અગ્નિ સંસ્કાર માટે હજારેક સારા માણસો નીકળેલા, તેમાં થોડાક સ્મશાન ભૂમિએ બાળવા આવ્યા અને બીજા ઘણાક તો સાધુ પાસે આવીને બેઠા. અને નવરાશનો લાભ લેવા માટે સાધુઓને પ્રશ્નો પૂછવા લાગ્યા. તેમાં કોઈએ બ્રહ્મ સંબંધી પ્રશ્ન પૂછ્યો, તેનો ઉત્તર મુક્તાનંદ સ્વામીએ શાસ્ત્રાધારથી આપ્યો. તેને સાંભળીને તે બોલ્યા કે, 'તમે તો ખોટા બ્રહ્મ છો. અને અહં બ્રહ્માસ્મિ ખરા બ્રહ્મ તો અમે છીએ' એમ પરસ્પર પ્રશ્નોત્તરો ચાલતા હતા. એજ સમયે દૈવયોગે સભામાં મોટી આંબલી ઉપરથી એક મોટો સર્પ પડ્યો. તેને દેખીને જ બીકના માર્યા સાચા બ્રહ્મ તો એકદમ એકબીજા ઉપર પડતા આખડતા નાઠા તે છેક છેટે જઈને ઉભા રહ્યાં. તે પડેલા સર્પને કળ વળતાં ત્યાંથી ધીરે ધીરે ચાલીને જ્યાં સાધુઓ બેઠા હતા ત્યાં નિર્ભયપણે આવ્યો. તે વખતે શ્રીજીની આજ્ઞા કેવી આકરી હતી કે, 'સર્પ કે વીંછી કે વાઘ કે એવું બીજું કોઈ પશુ આવે તો ત્યાંથી ખાસ મળ મૂત્રાદિ પ્રયોજન વિના ઉઠવું નહિ.' અદ્‌ભુતાનંદ સ્વામી અદ્‌ભુત કહે છે કે, સાધુ પાસે આવેલો કોઈ દૈવી સર્પ, મારી પલાંઠી ઉપર થઈને, કોઈના હાથ ઉપર, તો કોઈના પગ ઉપર, તો કોઈની સાથળ ઉપર, એમ દોઢસો સાધુઓ ઉપર મરજી મુજબ ફરીને છેવટે સચ્ચિદાનંદ સ્વામીને ગળે આંટો દઈને માથા ઉપર છત્રને આકારે ફેણ કરી સ્થિર થયો. તે વખતે નિર્ભય સ્વામી તો **'સ્વામિનારાયણ'** એવી ધૂન્ય 'જેમ મુરલી વાગે એમ' ટંકારરવ કરતા જાણીને 'જાણે વાંસળી વાગે છે' એવો મધુર શબ્દ સાંભળીને ઘણીવાર માથા ઉપર એમતેમ ડોલીને, ત્યાંથી પોતે જ વછૂટીને, આંબલી ઉપર ચઢી ગયો.

(સ.ગુ. શ્રી અદ્‌ભુતાનંદ સ્વામીની વાતો : ૩૮)

## 'શ્રી સ્વામિનારાયણ' મહામંત્રથી વાડીના માલિકોને ભૂત બનાવનાર ૩૦ ભૂતોનો પણ મોક્ષ કર્યો...

ખરેખરા હરિભક્ત હોય તેને ભૂત-પ્રેત કે જંત્ર-મંત્ર શું કરે ? તે **પીઠવાજાળ**માં દેસાઈ **પટેલ**ને ભૂત વળગેલ તે ધુણવા લાગ્યો કે, 'આ ટાણે જો કોઈ સામે મળે તો બાળી દઉં.' ત્યારે **ખીમો ડોબરીયો** કહે, 'લે હું સામો મળું, મને બાળી મેલજે.' તે ખરા હરિભક્તને શું કરે ? અને ગામ **ધારી** પાસે વીરપુરમાં **ડાચો ભગત** રહેવા ગયા. ગામની પાસે નદીને કાંઠે એક વાડી, તેને જે રાખે તેને ભૂત ભરખી જાય. તેથી કોઈ ખેડુ રાખે નહિ. આ ભગતને વાડી જોઈએ તેથી પટેલે તથા વહીવટદારે વગર સાકરે (પૂરતી છૂટછાટથી) આપી. ભગતે ખેડીને ઉનાળું જુવાર વાવી. ને રાતે વાસુ જાય. ને ખાટલામાં બેઠા-બેઠા માળા ફેરવતા હતા. ત્યાં પચીશ-ત્રીસ જેટલા **ભૂતો** આવી ચારે કોરે બેઠા. તે જોઈ ભક્તે કહ્યું, 'તમો આટલા બધા કોણ છો ?' **'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...'** નામ લીધું ત્યાં તો તેઓ બળવા લાગ્યા. ને પડતા - આથડતા ભાગ્યા. ને કહે, 'અમે ભૂત છીએ. અને આ વાડી અમારી છે. જે કોઈ રાખે તેને અમારા જેવો કરી દઈએ તેથી આટલા બધા થયા છીએ અને **તમે**



**ભગવાનના ભગત** છો તે તમને **અમારાથી કાંઈ થાય નહિ.** તમે હંમેશા અમને **ભગવાનની વાતો** કરો.' ત્યારે ભગત કહે, 'પણ જુવાર ઢોર ખાય જાય. તે મારે જાગવું જોઈએ.' ત્યારે ભૂત કહે, 'તેની અમે નજર રાખશું ને ખાવા નહિ દઈને. ને ચોરને પણ ઘરવા નહિ દઈએ.' પછી ભગતે ખૂબ ભગવાનની ને ઉપદેશની વાતો કરી. અને તેમણે પણ ઢોર, ચોરને પેસવા દીધાં નહિ. પછી **કેવળાત્માનંદ સ્વામી** પધાર્યા. તેને જમાડ્યા ને ભક્તે કહ્યું, 'સ્વામી ! તમે ચાર બજ્યા પછી વાડીએ નાહ્‌વા આવજો ત્યાં **ભૂતનો મોક્ષ** કરવો છે.' ત્યારે સ્વામી કહે, 'તમે કર્યો નહિ ?' 'તમારા હાથથી થાય તો બહું સારું' પછી સ્વામી નાહ્‌વા પધાર્યા. ને નાહીને બેઠા ત્યારે ભગતે બધી વાત કરી દેખાડી. ત્યારે સ્વામીએ તુંબડામાંથી પાણી લઈને તેને **વર્તમાન** ધરાવ્યાં ને કહે, 'જાવ બદરિકાશ્રમમાં...,' તે ધુમાડારૂપ થઈને ઊડી ગયા. તે આજ શ્રી **સ્વામિનારાયણ** ભગવાનનો પ્રતાપ એવો છે. તે મુમુક્ષુ જીવને સમજાય છે. અને ભગવાનનો આશરો કરે છે.

(સ.ગુ. શ્રી કૃષ્ણચરણદાસજી સ્વામીની ઉપદેશ વાતો : ૨૧૯)

## 'શ્રી સ્વામિનારાયણ' મહામંત્રના પ્રતાપે - અફીણનું ઝેર પણ ઉતારી દીધું !

પદ્મનાભાનંદ સ્વામીએ **મહેમદાવાદ**માં સત્સંગ કરાવ્યો. સ્વામી મહેમદાવાદમાં ગયા. તે ગામમાં ઘરવા દે નહિ. ને કહે, 'સ્વામિનારાયયણનો મૂંડિયો આવ્યો છે. તે ગામ બગાડશે. માટે ગામમાંથી કાઢો.' તે ગામમાં ઝોળી માગે ને **બેચર વડાદરા**ને ત્યાં ઉતરે, બેચર વડાદરાને અફીણનું બંધાણ. તે એક દિવસે વિશેષ લેવાણું તે **અફીણ** ચડ્યું. ઘણા ઉપાય કર્યા, પણ અફીણ ઉતરે નહિ. પદ્મનાભાનંદ સ્વામી કહે, **'હું ઔષધ કરું.'** ત્યારે કે, 'તો બહુ સારું.' પછી સ્વામી કહે, **'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...**નામ લ્યો તો ઉતરી જાશે.' તે પાંચ-સાત વાર નામ લીધું ત્યાં અફીણ ઉતરી ગયું.

(સ.ગુ. શ્રી કૃષ્ણચરણદાસજી સ્વામીની ઉપદેશ વાતો : ૩૦૯ તથા શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ - ૩ : વાત - ૩૫)

## મહામંત્રના ભજનથી.... કેસરાભાઇને કાળાનાગનું ઝેર ઉતરી ગયું !

કચ્છ પ્રાંતમાં **દહિસરા** નામનું એક ગામ આવેલું છે. તે ગામમાં **કેસરાભાઇ** નામે હરિભક્ત હતા. તેઓ ખેતીનો ધંધો કરતા હતા. વાડીએ કૂવામાં પાણી હતું તેથી ગામના લોકો પણ કપડાં ધોવા આવતા હતા. તે વાડીમાં એક મોટો કાળો નાગ રહેતો હતો, એટલે ગામના લોકો કહેતા કે-"તમો આ નાગને મારી નાખો;નહિતર તમોને અથવા કપડાં ધોવા આવનાર સ્ત્રીઓને ક્યારેક કરડશે."

ત્યારે કેસરાભાઈએ કહ્યું : "હું હરિભક્ત છું. મારા ઇષ્ટદેવે કોઇપણ જીવની હિંસા કરવાની ના કહી છે; માટે હું નહિ મારું અને મારવા પણ નહિ દઉં."

તેવા સમયમાં એક વાદી (મદારી) આવ્યો. લોકોએ કહ્યું : "આ મદારી નાગને પકડવા આવ્યો છે, માટે તેમને પકડવા દ્યો." ત્યારે કેસરાભાઈએ કહ્યું : "તે નાગને પકડીને લઇ જાય, પછી તેને પુરો ખોરાક ન આપે તેનો દોષ મને પણ લાગે, માટે હું વાદીને નાગ પકડવા નહિ દઉં."આવું સાંભળી વાદી જતો રહ્યો.

પછી એક દિવસ કેસરાભાઇ વહેલી સવારે વાડીએ ગયા અને પાણી કાઢવા માટે કોસ જોડવા ગયા ત્યારે અંધારામાં કંઇ દેખાયું નહિ, તેથી કોસ અંદર હાથ નાખ્યો; ત્યાંતો હાથમાં તે કાળોતરો સર્પ આવ્યો અને એકદમ કરડ્યો. ડંખ વાગતાંની સાથે કેસરાભાઈએ સ્વામિનારાયણ નામનું ભજન શરૂ કરી દીધું અને મંદિરે આવ્યા.

ઘરના લોકોને તથા ગામના લોકોને ખબર પડી તુરંત સર્વે આવ્યા અને કેસરાભાઈને કહેવા લાગ્યા: "જલ્દી ચાલો ફલાણા ગામે જઇને નાગનું ઝેર ઉતારી આવીએ. ત્યાં એક ભૂવો (માતાજીનો ઉપાસક)ઝેર ઉતારીને દોરો બાંધે છે."

ત્યારે તમામ લોકોને કેસરાભક્તે કહ્યું : "મારે કયાંય જવું નથી અને કોઇનોપણ દોરો બાંધવો નથી. સ્વામિનારાયણ ભગવાનને, મને જીવતો રાખવો હશે તો ઝેર ઉતરી જશે, અને ધામમાં લઇ જવો હશે તો ઝેર નહિ ઉતરે. માટે તમો સૌ મારી સાથે ધૂન બોલવા લાગો." એમ કહીને તેઓ ભજનમાં બેસી ગયા અને આજુબાજુના ગામોમાંથી ખબર કાઢવા આવેલા તમામ હરિભક્તો પણ ઊંચા સ્વરથી **'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...'** નામની ધૂન બોલવા લાગ્યા. જેમ જેમ ધૂન બોલાતી ગઈ તેમ તેમ નાગનું ઝેર ઉતરતું ગયું અને અંતે સારું થઇ ગયું.





# અભણનો આશરો: શ્રી સ્વામિનારાયણ મહામંત્ર

ગગન ગોખલે રમતો સૂરજ વિસામો લેવા માટે ક્ષિતિજ પર આવી રહ્યો છે અને ક્યારે વિરામ લે એની ઘડીયું ગણાય છે. પંખીડાઓ ઊડી ઊડી અને પોતાને માર્ગે આગળ વધ્યા છે કે વધશે !! એની ઘડીયું ગણાય છે, મંદિરોની ઝાલરો વાગી કે વાગશે !! એના અભરખા લઈને ખેડુતે ગામ ભણી વાટ પકડી છે. એ વખતે જોધો ભરવાડ દાદાખાચરના ઢોરને ચરાવતો રમાડતો ગઢપુરની સીમમાં ઘૂમી રહ્યો છે.

''જોધા, હાલ્ય હવે તારો સમય પાક્યો છે !''

જોધા ભરવાડના કાને શબ્દો અથડાયા અને ડાંગને છેડે હાથ ગયો. જોધાએ ઉપર નજર કરી તો આકાશને ગલોફામાં સંતાડીને મહાકાળ ઊભો છે !!!

''કઈ બાજું જાવું છે ?'' જોધાએ નીડરતાથી પૂછ્યું.

''બસ, તને હવે હું લેવા આવ્યો છું.'' મહાકાળ બોલ્યો.

''મને ?'' જોધો આટલું બોલી હસવા લાગ્યો સાથે પ્રકૃતિ પણ હસી પડી.

કાળની મશ્કરી થઈ એમ માની એણે જોધાને પકડવા નીચે નમીને હાથ લંબાવ્યો...!

પણ...!!!

પરંતુ જોધાએ ભગવાન શ્રી સ્વામિનારાયણ સંભાર્યા : ''હે પ્રભુ ! આજ સુધી મારા મુખે સ્વામિનારાયણ સિવાય બીજું નામ ન હોય, તમારા સિવાય બીજે મસ્તક ન ઝૂકાવ્યું હોય તો અભણનો આશરો બનવા મહારાજ, તમે દોડી આવો.''

**'જય સ્વામિનારાયણ'**ના **બ્રહ્મનાદ** સાથે જોધાએ કાળના વાળ પકડી નીચે નમાવ્યો. અને માથા ઉપર પગ મૂકી

જ્યાં ઊંચે જોયું તો શ્રીજીમહારાજ આવી ગયા હતાં. વિમાનમાં બેસી જોધા ભરવાડે અક્ષરધામની વાટ પકડી.

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણનો આશ્રિત હોય, એમના નામનું ભજન કરતો હોય, વળી, એમની નિષ્ઠા હોય તો એમને ભગવાન શ્રીહરિએ પોતાનું ધામ આપ્યું. શું આટલું જ સિમીત છે (?) નહિ, જુઓ એ નામનો મહિમા...!!

નહિ તો શ્રીજીમહારાજનું નામમહિમાનું **અભય વચન** મિથ્યા થાય... કે,

**'શ્રી સ્વામિનારાયણ જે કહેશે, ભાવે કુભાવે પણ મુક્તિ લેશે...'**

ઝીંઝાવદર ગામના ધણી ઘર આંગણે ડેલીએ ખાટલો ઢાળી અને સ્વામિનારાયણ મહામંત્રના નામની માળા ફેરવી રહ્યા છે. નામ છે એમનું 'અલૈયાખાચર.'

એ વખતે એમના ખોરડાના નળીયા એક કુંભાર બેઠો બેઠો ચાળી રહ્યો છે, અને ક્યારેક ક્યારેક દરબારને વાતે વળગાડે છે.

દરબાર અલૈયાબાપુ પણ હોકારો ભણતા માળા ફેરવી રહ્યા છે. તે સમયે એક અજુગતી ઘટના ઘટી.

કુંભારનો અંતકાળ નજીક આવ્યો. કાળ સમા યમદૂતો એની નજર સામે તરવા લાગ્યા જાણ કે એને માથે કાળની ડફ વાગવા લાગી.

''બાપુ દોડજો...'' બોલતા ચિસ પાડી લીંબડાની ડાળે લટકી ગયો. કાળ સામે મનુષ્ય કેટલો ઝઝુમી શકે ! કાળે ડાળ પર પગ મૂક્યો તો ડાળ ભાંગી અને નીચે પડી. આ જોઈ દરબાર અલૈયાખાચર મોટે સ્વરે **'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...'** બોલવા લાગ્યા. તેમની સાથે કુંભાર પણ મહામંત્રનો નાદ મુખેથી કરવા લાગ્યો. ત્યારે એની નજરની સામે જ કાળ સમા **યમદૂતો** પલાયન થઈ ગયા.

તેથી જ સ.ગુ. શ્રી **પ્રેમાનંદ સ્વામી**એ યથાર્થ ગાયું છે :-

**'વા' લો તરત છોડવો કાળપાશથી રે લોલ, પ્રેમાનંદ કહે આપે છે હરિ કોલ...'**

ભગવાનના નામનો મહિમા ગાતાં **વિષ્ણુધર્મોત્તર પુરાણ** કહે છે :

'न गंगा न गया सेतुर्न काशी न च पुष्करम् । जिह्वाग्रे वर्तते यस्य हरिरित्यक्षरद्वयम् ।।
ऋग्वेदोथ यजुर्वेदः सामवेदो ह्यथर्वणः । अधीतास्तेन येनोक्तं हरिरित्यक्षरद्वयम् ।।
अश्वमेधादिभिर्यज्ञैर्नरमेधैस्तथैव च । याजितं तेन येनोक्तं हरिरित्यक्षरद्वयम् ।।'

(શિક્ષાપત્રી ભાષ્ય શ્લોક - ૫૬ : વિષ્ણુધર્મોત્તર પુરાણ)

''જે ભાગ્યશાળી મનુષ્યની જીભ પર ભગવાનનું નામ રમે છે તેને માટે ગંગા, ગયા, સેતુબંધ, કાશી કે પુષ્કર તીર્થનું કોઈ વિશેષત્વ નથી. તેણે ભગવાનના નામના પ્રભાવથી ઋગ્વેદ આદિ ચારેય વેદોનું અધ્યયન કરી લીધું છે અને અશ્વમેધ જેવા અનેક યજ્ઞો પણ કરી લીધા છે.''

'गोकोटिदानं ग्रहणेषु काशी प्रयागगङ्गायुतकल्पवासः ।
यज्ञायुतं मेरुसुवर्णदानं गोविन्दनाम्ना न तदापि तुल्यम् ।।'

સર્વ દાનમાં ગોદાન શ્રેષ્ઠ ગણાય છે, તેમાં પણ ગ્રહણ વખતે ગોદાન આપવાનું વિશેષ માહાત્મ્ય છે. એવી કરોડો ગાયોનું ગ્રહણ વખતે દાન દેવામાં આવે, તથા કાશી કે ગયાજી જેવા ઉત્તમ તીર્થમાં પરમ પવિત્ર ગંગાજીને કિનારે દસ હજાર કલ્પ સુધી વાસ કરવામાં આવે, વળી યજ્ઞ તો ભગવાનનું સ્વરૂપ કહેવાય છે. 'यज्ञो वै विष्णुः' એવા યજ્ઞ કરવામાં આવે, તેમ સોનાનું દાન દેવું એ મહાપુણ્ય ગણાય છે એ સોનાનું દાન મેરુ પર્વત જેટલું કરવામાં આવે, તોપણ એ કોઈ **સાધનો** ભગવાનના **નામસ્મરણ**ની **સમાન** થઈ શકતા નથી. આવો અદ્ભુત અને અચિંત્ય ભગવન્નામનો **મહિમા** છે. એથી જ અતિ શ્રેષ્ઠ ગણાતાં યજ્ઞાદિ સર્વ **ઉત્તમ સાધનો**માં થયેલ ભૂલ કે અશુદ્ધિની માફી અને ખોટખામીની પૂર્ણતા પ્રભુના નામનો **જપ** કરવાથી જ થાય છે. કોઈપણ ક્રિયાની શુદ્ધિ અને સંપૂર્ણ સિદ્ધિ ભગવાનના નામનો જપ કર્યા વિના થઈ શકતી જ નથી. આ હેતુથી શાસ્ત્રોમાં ભગવન્નામનો યથાર્થ **અપાર મહિમા** મુક્તકંઠથી ગવાયો છે. પૂર્વે બલિરાજા અત્યંત મોટો યજ્ઞ કરી રહ્યા હતા, એ વખતે તેની પરિક્ષા લેવા ભગવાન પોતે વામનરૂપ ધારણ કરી તેના યજ્ઞમાં



ગયા અને ત્રણ પગલાં પૃથ્વી માગી ત્રિલોકીનું રાજ્ય લઈ લીધું, પરંતુ બલિરાજાની અનન્ય ભક્તિથી વશ થઈને ભગવાન તેના રક્ષક-પહેરેગીર બની ગયા ! યજ્ઞ હજુ પૂર્ણ થયો ન હતો. શુક્રાચાર્ય યજ્ઞના આચાર્ય હતા, ભગવાને શુક્રાચાર્યને કહ્યું : 'હવે યજ્ઞને વિધિપૂર્વક સમાપ્ત કરો, યજ્ઞની **સમાપ્તિ**માં કોઈ **ત્રૂટી** ન રહી જાય.' એનો **ઉત્તર** શુક્રાચાર્યજીએ બહુ જ સુંદર આપ્યો :

'मन्त्रतस्तन्त्रतश्छिद्रंदेशकालार्हवस्तुनः ।
सर्वंकरोतिनिश्छिद्रंनामसंकीर्तनंतव ।।'

(શ્રીમદ્ ભાગવત : ૮/૨૩/૧૬)

હે ભગવન્ ! કોઈપણ કર્મ પૂર્ણવિધિથી **સાંગોપાંગ** નથી થઈ શકતું. કંઈને કંઈ ત્રૂટી રહી જ જાય છે. મંત્રતંત્ર સંબંધી તથા દેશકાળ અને આવશ્યક વસ્તુ સંબંધી જેટલી ત્રૂટી રહી જાય છે, તે સર્વ આપના **નામસંકીર્તન** દ્વારા **પૂર્ણ** થઈ જાય છે. ઉપર્યુક્ત હેતુથી સમસ્ત યજ્ઞોના અંતમાં તથા સમસ્ત ધાર્મિક ક્રિયાઓ પછી કર્મકર્તા આચાર્ય આ શ્લોક બોલે છે :

'यस्य स्मृत्या च नामोक्त्या तपोयज्ञक्रियादिषु ।
न्यूनं संपूर्णतां याति सद्यो वन्दे तमच्युतम् ।।'

જેનું **નામસ્મરણ** કરવાથી યજ્ઞ, વ્રત, તપાદિ સર્વ ક્રિયાઓમાં જે ન્યૂનતા રહી ગઈ હોય તે પૂરી થાય છે એવા અચ્યુત ભગવાનને હું તત્કાળ **વંદના** કરું છું.

(શિક્ષાપત્રી ભાષ્ય : શ્લોક - ૫૬)

ભગવાન **વેદવ્યાસજી** કહે છે :


'हरेर्नाम हरेर्नाम हरेर्नामैव केवलम् ।
कलौ नास्त्येव नास्त्येव नास्त्येव गतिरन्यथा ।।'

"પરમાત્માનું નામ જ, નામ જ અને **નામ જ** ભવસાગર તારે છે. કળિયુગની અંદર તે સિવાય પ્રભુ પામવાનો અન્ય ઉપાય નથી જ, નથી જ અને નથી જ."

(બૃહન્નારદીય પુરાણ : ૩૮/૧૨૮૭)

પદ્મપુરાણમાં કહ્યું છે :

'ये वदन्ति नरा नित्यं हरिरित्यक्षरद्वयम् ।
तस्योच्चारणमात्रेण विमुक्तास्ते न संशयः ।।'



'नामसंकीर्तनं यस्य सर्वपापप्रणाशनम् ।
प्रणामो दुःखशमनस्तं नमामि हरिं परम् ।।'

"જેનું **નામસંકીર્તન** બધાં પાપોનું વિનાશક છે અને પ્રણામ દુઃખ દૂર કરનાર છે એ સર્વોપરિ શ્રીહરિને હું નમસ્કાર કરું છું."

(શ્રીમદ્ ભાગવત : ૧૨/૧૩/૨૩)

"જે મનુષ્ય પરમાત્માના આ બે અક્ષરવાળા નામ **'હરિ'**નું નિત્ય ઉચ્ચારણ કરે છે એના ઉચ્ચારણમાત્રથી તે મુક્ત થઈ જાય છે, એમાં કોઈ શંકા નથી."

ગરુડપુરાણમાં કહ્યું છે કે :

'यदीच्छसि परं ज्ञानं ज्ञानाच्च परमं पदम् ।
तदा यत्नेन महता कुरु श्रीहरिकीर्तनम् ।।'

"જો આત્મજ્ઞાનની ઈચ્છા હોય અને આત્મજ્ઞાનથી પરમપદ મેળવવાની ઈચ્છા હોય તો ખૂબ પ્રયત્નપૂર્વક **શ્રીહરિના નામનું કીર્તન** કરો."

એક વખત નારદજીએ ભગવાન બ્રહ્માજીને કહ્યું : "એવો કોઈ ઉપાય બતાવો કે જેથી હું વિકરાળ કળિકાળની જાળમાં ન ફસાઉં."

એના ઉત્તરમાં બ્રહ્માજીએ કહ્યું : 'आदिपुरुषस्य नारायणस्य नामोच्चारणमात्रेण निर्धूतकलिर्भवति ।' - "આદિપુરુષ ભગવાન નારાયણનો **નામોચ્ચાર** કરવામાત્રથી જ મનુષ્ય કળિયુગથી તરી જાય છે." (કલિસંતરણોપનિષદ્)

શ્રીમદ્ ભાગવતના અંતિમ શ્લોકમાં ભગવાન વેદવ્યાસજી કહે છે :

'नामसंकीर्तनं यस्य सर्वपापप्रणाशनम् ।
प्रणामो दुःखशमनस्तं नमामि हरिं परम् ।।'

"જેનું **નામસંકીર્તન** બધાં પાપોનું વિનાશક છે અને પ્રણામ દુઃખ દૂર કરનાર છે એ સર્વોપરિ શ્રીહરિને હું નમસ્કાર કરું છું."

(શ્રીમદ્ ભાગવત : ૧૨/૧૩/૨૩)

કળિકાળમાં **નામના મહિમાનું વર્ણન** કરતા ભગવાન **વેદવ્યાસજી** શ્રીમદ્ ભાગવતમાં કહે છે :

'कृते यद् ध्यायतो विष्णुं त्रेतायां यजतो मखैः ।
द्वापरे परिचर्यायां कलौ तद्धरिकीर्तनात् ।।'

"સતયુગમાં ભગવાન વિષ્ણુના ધ્યાનથી, ત્રેતામાં યજ્ઞથી અને દ્વાપરમાં ભગવાનની પૂજા-અર્ચના કરવાથી જે ફળ મળતું તે બધું ફળ કળિયુગમાં ભગવાનનાં **નામ-કીર્તન**માત્રથી જ પ્રાપ્ત થઈ જાય છે." (શ્રીમદ્ ભાગવત : ૧૨/૧૩/૫૨)

આ કળિયુગમાં કેવળ એક **ભગવાનનું નામ જ** કલ્યાણકારી છે. એટલે જ સ.ગુ. શ્રી પ્રેમાનંદ સ્વામી **'શ્રી**

**સ્વામિનારાયણ' મહામંત્રનો મહિમા** ગાતાં ગાય છે :

**'સ્વામિનારાયણ નામનો પ્રાણી, અતિ મોટો પ્રતાપ; અંતકાળે પ્રભુ તેડવા આવે, સ્વામિનારાયણ આપ...'**

**'શ્રી સ્વામિનારાયણ'** મહામંત્રનો જપ કરવાથી અંત સમયે અવશ્ય ભગવાન શ્રી સ્વામિનારાયણ તેડવા પધારે છે, કારણ ભગવાન શ્રીહરિએ પોતે કોલ આપ્યો છે :

**'મારા જનને અંતકાળે જરૂર તેડવા આવવું,**
**બિરુદ મારું એ ન બદલે તે સર્વે જનને જણાવવું.'**

(ભક્તચિંતામણી : ૬૮/૯)

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના ગ્રંથોમાં એવા તો **અનેક દાખલાઓ** મોજૂદ છે કે, જેમાં સ્વયં ભગવાન શ્રી સ્વામિનારાયણ એ ભક્તોને અંતસમે તેડવા આવ્યા હોય. ધુવાના લુકી લુહાર, ભુજના સુંદરજી સુથાર, ચમારા ગામના દયાળજી સુથાર, ગુડેલના જીભાઈ, સરસોદના રામજીભાઈ, રાજપુરના જેકરણભાઈ, કેલોદના મુસ્લિમભક્ત વલીભાઈ જેવા અનેક ભક્તોને અંતસમે સ્વયં ભગવાન શ્રીહરિ મુક્તો સાથે દિવ્ય વિમાન, રથ કે અશ્વ ઉપર સવાર થઈને લેવા આવ્યા હોય તેવા અનેક લોકોને દર્શન થયેલા છે.

શ્રીજીમહારાજ વચનામૃતમાં તો ત્યાં સુધી વાત કરે છે : "...ગમે તેવો પાપી હોય ને અંત સમે જો તેને **'સ્વામિનારાયણ'** એવા નામનું ઉચ્ચારણ થાય, તો તે સર્વ પાપ થકી છુટીને બ્રહ્મમહોલને વિષે નિવાસ કરે એવો ભગવાનનો પ્રતાપ મોટો છે માટે ભગવાનનું બળ રાખવું..." (વચ. ગ. પ્ર. પ્ર. ૫૬)

અમદાવાદનો એક વિપ્ર **પ્રાણવલ્લભ** નિત્ય **'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ'** મહામંત્રનું ભજન કરતો. એકવાર સંઘ સાથે તે ગોદાવરી નદીમાં સ્નાન કરવા ગયો. એ વખતે મરકી (પ્લેગ) રોગમાં તે માંદો પડ્યો અને થોડા જ વખતમાં તેણે દેહત્યાગ કર્યો. તે સમયે સ્વયં શ્રીજીમહારાજ તેને લેવા આવ્યા.

ભગવાન શ્રીહરિએ તેને પૂછ્યું : "તારે કોઈ ઈચ્છા રહી જાય છે ?"

ત્યારે વિપ્ર પ્રાણવલ્લભે કહ્યું : "મહારાજ ! બધા લોકો એમ જ માનશે કે અન્યની જેમ આ પણ મરકીને લીધે મરીને અસદ્‌ગતિ પામ્યો છે. પરંતુ હું તો **'શ્રી સ્વામિનારાયણ'** મહામંત્રના ભજનના પ્રતાપે આપની સાથે આપના ધામમાં જઉં છું, એ કોઈ સમજશે નહીં."

ત્યારે શ્રીજીમહારાજે કહ્યું : "તું પાછો દેહમાં જા અને આ વાત લોકોને સમજાવ."

પુનઃ જ્યારે દેહમાં પ્રાણ આવ્યો, ત્યારે એનું શરીર તો ચિતા પર ગોઠવાઈ ગયું. અચાનક શરીર સળવળતાં લોકોને વિસ્મય થયું. ત્યારે તે દ્વિજે સૌને સમજાવ્યું : "મને તો સ્વયં ભગવાન શ્રીહરિ એમના ધામમાં તેડી ગયા'તા, પણ આ તો તેમને સૌને સમજાવવા પાછો આવ્યો છું. હાલ કાળનો વેગ ભારે છે. માટે જો એનાથી બચવું હોય ને અંતે ભગવાનનું ધામ પામવું હોય તો **'શ્રી સ્વામિનારાયણ'** મહામંત્રનું ભજન કરો."

એમ કહી પોતે સૌને તાળી પાડીને **'શ્રી સ્વામિનારાયણ'** મહામંત્રની ધૂન ઝિલાવી પછી દેહત્યાગ કર્યો.

❖ ❖ ❖ ❖ ❖ ❖




ધુવા ગામના **પ્રાણનાથ** નામે લુહાર ભક્ત હતા. તેમના પિતા **કેસરભાઈ** ભગવાનમાં માનતા નહીં. ઊલટું, વિધિ-નિષેધનું, તીર્થનું વ્રતનું તેમજ અવતારોનું ખંડન કરતા. તે પાપને લીધે મૃત્યુ બાદ તેઓ ભૂત થયા. અને પોતાની પત્નીના દેહમાં આવીને રહેતા પણ પોતાના જ પુત્ર પ્રાણનાથમાં કંઠમાંથી જેવો એમણે **'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...'** મહામંત્રનો જાપ સાંભળ્યો કે તરત જ કેસરભાઈ સર્વ પાપ થકી મુક્ત થઈ ભૂતના તનનો ત્યાગ કરીને **પરમ ગતિ** પામ્યા. જે વાત એમણે જતાં જતાં પોતાની પત્નીમાં રહીને કરી :

**'સુણી એના મુખનું ભજન, તર્ત છૂટ્યો હું ભૂતનું તન;**
**હવે જાઉં છું હરિને ધામ, સુણી સ્વામિનારાયણ નામ.'**

(ભક્તચિંતામણી : ૧૫૫)

❖ ❖ ❖ ❖ ❖ ❖



ધુવા નામે ગામને વિષે એક લુવાર **બીંદો** નામે હરિજન બહુ સારો હતો પણ તેની કાકી કુસંગી અને દુષ્ટ સ્વભાવ વાળી હતી તે **સત્સંગીની ઠેકડી** કર્યા કરે ને સત્સંગીને દેખીને બળી મરે ને બોલે ત્યાં તો ઝેર વરસે ને સત્સંગીની માથે ખોટી આળ ચડાવે ને ગાળ્યું પણ દીધા કરે ને કહે જે, 'બીંદો તો સ્વામીનો થયો તે બગડી ગયો છે.' એમ જીવી ત્યાં સુધી કર્યું એમ કરતાં તેની આયુષ્ય પુરી થઈ ને મરવા વખતે જમ તેડવા આવ્યા તેને દેખીને તેણે દેવ દેવીને તથા પોતે જે ભેખધારીઓને સેવ્યા હતા તેને સંભાર્યા પણ કોઈએ તે ટાણે **સહાય** કરી નહિ ને જમ તો મારો મારો કહેવા લાગ્યા તેથી અતિશે દુ:ખી થાવા લાગી પછી તેણે શ્રીજીમહારાજને સંભાર્યા, 'હે સ્વામિનારાયણ ! તમે ભગવાન હો તો આ ટાણે મારી જમ થકી રક્ષા કરો.' ત્યારે જમ છેટે ખસી ગયા એટલે તેણે વારંવાર **'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...'** નામ લેવા માંડ્યું ત્યારે શ્રીજીમહારાજ સુંદર રથમાં બેસીને પાર્ષદ સહિત આવ્યા ને ગામના બધાં માણસોને દર્શન થયા. પછી મહારાજ તે ડોશી પાસે પધાર્યા ત્યારે જમ ભાગી ગયા પછી ડોશીયે મહારાજના દર્શન કર્યાં ને સ્તુતિ કરવા લાગી જે, 'ધન્ય ધન્ય મહારાજ ! તમે મારો આ સમયે **અવગુણ ન જોયો** ને મારી સહાય કરી તે તો તમારું **બિરુદ** સંભાળીને આવ્યા છો.' એમ કહી દેહનો ત્યાગ કરીને મહારાજ સાથે ધામમાં ગઈ ત્યારે **ગામનાં લોકો** કહેવા લાગ્યા કે, **'ધન્ય છે સ્વામિનારાયણને કે આવી અભાગણીના પણ દોષ ન જોયા ને તેડવા આવ્યા.'**

(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ - ૩ : ૧૯૭)



અને **સ્વામિનારાયણ નામના મંત્ર જેવો બીજો કોઈ મંત્ર આજ બળિયો નથી.** એ મંત્રે કાળા નાગનું ઝેર ન ચડે ને એ મંત્રે વિષય ઉડી જાય છે ને બ્રહ્મરૂપ થાય છે ને કાળ, કર્મ, માયાનું બંધન છૂટી જાય છે. એવો બહુ બળિયો એ મંત્ર છે. માટે નિરંતર ભજન કરવું.

(શ્રી ગુણાતીતાનંદ સ્વામીની વાતો : ૧/૧૫૪)

આમ, ભગવાન શ્રી સ્વામિનારાયણ અંતસમે તેડવા આવે એ કંઈ કેવળ આજથી ૨૦૦ વર્ષ પૂર્વેનો ઈતિહાસ જ નથી, વર્તમાન પણ છે. આવા તો અનેક દાખલાઓ છે. એટલે જ ભક્તચિંતામણીમાં આપણને સૌને નિર્ભય અને નિ:શંક બનાવતા સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી કહે છે :

**'અંતકાળે તો અવશ્ય આવે, એ બિરુદ કેદિ ન બદલાવે;**
**જે કોઈ સ્વામિનારાયણ કેચ, તેને માથે નથી કેનો ભેય**
**માટે રહો નિર્ભય નિ:શંક,**
**મળ્યે મહારાજ ન રહેવું રંક;**
**જેને પાસે હોય ચિંતામણિ,**
**કેમ દુ:ખી રહે તેહ ઘણી.'**

(ભક્તચિંતામણી : ૧૫૫/૪૨-૪૩)

સ.ગુ. શ્રી આધારાનંદ સ્વામી **'શ્રીહરિચરિત્રામૃતસાગર'** ગ્રંથમાં કહે છે :

"...સવારે સંતોની ધૂન સાંભળીને સંતોને શ્રીહરિએ કહ્યું કે, તમે **સ્વામિનારાયણ નામની ધૂન** કરો છો, તેથી ઠામોઠામ લોકો તે નામ બોલે છે. તે નામનો બહુ **પ્રતાપ** છે. કળિના પાપને નાશ કરવામાં એ નામ અગ્નિ જેવું છે."

(શ્રીહરિચરિત્રામૃતસાગર:પુર-૬,તરંગ-૧૨)

"...સવારમાં જાગી સંતો ધૂન કરવા લાગ્યા. સવારમાં **સ્વામિનારાયણ** શબ્દ જેના કાને પડે તેના રાત્રિના અમંગળ નાશ પામે છે."

(શ્રીહરિચરિત્રામૃતસાગર : પુર-૬, તરંગ-૨૭ )

"...**'સ્વામિનારાયણ'** નામ રટણ એકવાર કરવાથી જમનો ત્રાસ દૂર થાય છે."

(શ્રીહરિચરિત્રામૃતસાગર : પુર-૮, તરંગ-૧૨)

"...ભગવાન શ્રીહરિના અનંત નામો છે. તે એક એકથી અધિક છે પણ જેવો સમય ત્યાં તેવું નામ ભગવાન શ્રીહરિ પ્રગટ કરે છે, પણ **શ્રી સ્વામિનારાયણ**નું નામ સર્વેથી પર વિખ્યાત છે. તેને વિષે બીજા સર્વે નામ આવી જાય છે. અને સ્વામિનારાયણનું **એક નામ** જપવાથી બીજા **સર્વે નામ** આવી જાય છે, પણ કોઈ નામ બાકી રહે જ નહિ. એવો **અલૌકિક પ્રતાપ** જાણી સર્વે ભક્તજનો શ્રી સ્વામિનારાયણના નામની ધૂન્ય કરતા પણ બીજાના નામ વિષે એવો પ્રતાપથી શ્રી સ્વામિનારાયણના નામનો અનંત અપાર પ્રતાપ અધિક છે. એવો પ્રતાપ બીજાનો જાણવો નહિ. અને એવો પ્રતાપ નથી જાણતા તે બીજાના નામને અધિક માને છે. જે જે અવતાર જેને આપ્યો હોય તેમાં હેત થાય પણ એક એક નામ વિષે સર્વેને હેત કે રસ આવે જ નહિ. કેમ કે એક એક નામ લે પણ અવતાર જુદાં જુદાં ભક્તો માટે અનંત ધરે છે તેની પ્રથમથી મુક્તોને કે ભક્તોને જરા પણ ખબર પડતી નથી અને સર્વે ભક્તોના મત જુદાં જુદાં છે તે સર્વે **શુદ્ધ સમજણ**

વિનાના છે. અને જેને પ્રગટ ભગવાન શ્રીહરિનો નિશ્ચય નથી તેને પ્રગટનું નામ લેતા અતિ લાજ લાગે છે. અને જેને ભગવાન શ્રીહરિ **પ્રગટ** મળેલા છે તે ભક્ત તો દિવસે દિવસે પ્રગટનું નામ લેતા **અતિ સુખ** અને **આનંદ** માણે છે.''

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૦/૩૫)

''...**સ્વામિનારાયણ** નામમાં **બધાય નામ** આવી જાય છે. તેનો જપ કરતા બીજાં કોઈ નામ બાકી રહેતા નથી. એમ પ્રતાપ સમજીને જનો તે નામની ધૂન કરતા.'' (શ્રીહરિચરિત્રામૃતસાગર : પુર-૧૦, તરંગ-૪૮)

''...**સ્વામિનારાયણ**નું નામ ભજે તે સર્વ સંત હરિભક્ત **દિવ્ય** છે. બધા અવતારનું સામર્થ્ય એમાં રાખ્યું છે.''

(શ્રીહરિચરિત્રામૃતસાગર : પુર-૧૧, તરંગ-૪૨)

''...મોક્ષદાતા પ્રગટ ભગવાનનો જોગ થાય નહિ ત્યાં સુધી કર્મનો રોગ મટે નહિ. સ્વામિનારાયણનું નામ છે તે કર્મ બાળવામાં અગ્નિરૂપ છે.'' (શ્રીહરિચરિત્રામૃતસાગર : પુર-૧૧ તરંગ-૧૨)

''...સ્વામિનારાયણ મંત્ર આજ કળિયુગમાં **જીવનો ઉદ્ધાર કરનાર** છે. સર્વે સંતો-હરિજનો **સ્વામિનારાયણ મંત્રની માળા** ફેરવે છે. તમારે જેટલી શ્રદ્ધા હોય તે પ્રમાણે નિત્ય **સ્વામિનારાયણ** જપ સાથે માળા ફેરવવી, પાંચ માળાથી ઓછી ક્યારેય ન ફેરવવી. અધિક કરો તો અધિક લાભ થાય. જીવને **સાચો લાભ** આ મંત્રના જપથી થાય છે.'' (શ્રીહરિચરિત્રામૃતસાગર : પુર-૧૩ તરંગ-૩૨)

સ.ગુ. **શ્રી ગુણાતીતાનંદ સ્વામી** પોતાની વાતોમાં કહે છે :

પાંચ દશવાર **'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...' નામ જાણે અજાણે લેશે, તેનું પણ** આપણે **કલ્યાણ** કરવું પડશે; ને આખા બ્રહ્માંડને સત્સંગ કરાવવો છે. (પ્રકરણ-૧, વાત :- ૨૪)

અને **સ્વામિનારાયણ નામના મંત્ર જેવો બીજો કોઈ મંત્ર આજ બળિયો નથી.** એ મંત્રે કાળા નાગનું ઝેર ન ચડે ને એ મંત્રે વિષય ઉડી જાય છે ને બ્રહ્મરૂપ થાય છે ને કાળ, કર્મ, માયાનું બંધન છૂટી જાય છે. એવો બહુ બળિયો એ મંત્ર છે. માટે નિરંતર ભજન કરવું. (પ્રકરણ-૧, વાત :- ૧૫૪)

ને અમને તો હેત આવે છે તે વાત કરીએ છીએ; **જે સ્વામિનારાયણ નામનો મંત્ર બહુ બળિયો છે, માટે ભજન કર્યા કરવું.** (પ્રકરણ-૧, વાત :- ૨૪૫)

અને મૂંઝવણ આવે તો કેમ કરવું ? એ પ્રશ્ન પૂછ્યું, તેનો ઉત્તર કર્યો: **જે સ્વામિનારાયણ સ્વામિનારાયણ ભજન કરવું તેથી મૂંઝવણ ટળી જાય.** (પ્રકરણ-૧, વાત :- ૨૭૨)

**સ.ગુ. શ્રી શુકાનંદ સ્વામી કહે છેઃ-**

એકાદશીને દિવસ આ કિર્તન સાંભળ્યાં જે ''**સ્વામિનારાયણ સ્વામિનારાયણ ઉંચે સાદે ગાય, સાંભળીને યમદૂત તેને દૂરથી લાગે પાય**'' એ કિર્તન સાંભળીને સંતે પૂછ્યું જે એ કિર્તન કુસંગી લોક ગાય તો યમદૂત છેટે રહે કે ન રહે ? ઉત્તર જે **સ્વામિનારાયણ કહેવું એ મહામંત્ર છે** તે શું ? તો સત્સંગી ગાતા હોય કે કુસંગી ગાતા હોય પણ **યમના દૂત તો છેટે રહે છે** એવો એ નામનો **પ્રતાપ** છે. માટે હાલતાં, ચાલતાં, ખાતાં, પીતાં, નાતાં, ધોતાં, બેસતાં, ઉઠતાં, એ આદિક સર્વે ક્રિયા કરતાં થકાં સદા એ **મંત્રનો જપ** કરવો ને એમ જે **મંત્રનો જપ** કરે છે તેની સામું શ્રીજીમહારાજ જોઈ રહ્યા છે. અને વળી એમ વાત કરી જે કથા, વાર્તા, ભજન, સ્મરણ, એ આદિક જે જે ક્રિયા કરીએ છીએ તે સર્વેને **શ્રીજીમહારાજ** જોઈ રહ્યા છે ને **અક્ષરધામના મુક્ત તથા ગોપાળાનંદ સ્વામીને આગળ** મહારાજ વાત કરે છે જે એ **બહુ સારું કરે છે** ને આપણા ઉપર **બહુ રાજી** થાય છે ને એકાદશીનો ઉપવાસ કરે છે ને બાર વાગ્યા લગણ જાગરણ કરી કથા, વાર્તા, કિર્તન કરે છે. તે બહુ સારું કરે છે એમ શ્રીજીમહારાજ અક્ષરના મુક્તને કહે છે ને આપણ સર્વે સામું જોઈ રહ્યા છે. (શ્રી શુકાનંદ સ્વામીની વાતો :- ૧૭)



## દુર્લભ સમાધિનું સહજ સાધન : 'શ્રી સ્વામિનારાયણ મહામંત્ર'

શાસ્ત્રોનો મત છે કે, અષ્ટાંગ યોગ સિદ્ધ કર્યા સિવાય સમાધિ ન થાય. તો ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાના નામથી સમાધિ કરાવી એનું શું ? સમાધિ સુધી પહોંચવાની બીજી નિસરણી મૂકી દીધી.



બપોરના સૂતેલા પંખીડા આરામ કરી ફરી બોલવા લાગ્યા છે, સારાય વાતાવરણને પોતાના મીઠા અવાજથી ભર્યું ભર્યું રાખે છે એ ટાણે એક વટેમાર્ગુ ઝીંઝાવદરના પાદરમાંથી પસાર થઈ રહ્યો છે. પાંચ હાથ પૂરો, પોતાની અદાથી ગામને વિંધતો નીકળી રહ્યો છે..., પણ...

અંતરમાં કાંઈક ટાઢક વળે છે ! કેમ આ ગામમાં પગ મૂકતા શાંતિ વળી !! નક્કી આ ગામમાં કોઈ પવિત્ર ઓલિયા પુરુષ હોવા જોઈએ, મનને મનાવતો એ ગામને વિંધવું મુલત્વી રાખી ગામમાં પ્રવેશ્યો.

આ...હા...હા... શું છે એમનું રૂપ, એમની અદા, એમની વિશાળ ભ્રકુટિ. ભગવાન શ્રી સ્વામિનારાયણને ઢોલિયા ઉપર બેઠેલા જોઈ અંતરના ઘેરાવામાં વધારે એ ડૂબવા લાગ્યો.

''ભાઈ ! આ કોણ છે ?'' ગામ ધણી અલૈયાખાચરને જ એણે પૂછ્યું.

''એમને જોતાં જ મને અંતરમા ટાઢક વળે છે...!!!''

''એ છે **ભગવાન શ્રી સ્વામિનારાયણ...,**'' દરબારે ટાઢે કલેજે જવાબ આપ્યો.

''સ્વામિનારાયણ...!!''

'સ્વામિનારાયણ' નામ સાંભળતા જાણે એ જીવને અક્ષરધામની કેડી નજીક આવતી જણાણી અને સમાધિમાં એ ચાલ્યો ગયો.



એક લાખ અઠ્યાવીસ હજાર પેગંબરો શ્રીજીમહારાજની સ્તુતિ કરે છે, તેવા એને દર્શન થયા.

હિન્દુ અને મુસલમાનની ભેદ રેખાને **'શ્રી સ્વામિનારાયણ'** મહામંત્રે વટાવી દીધી.

**'શ્રી સ્વામિનારાયણ'** મહામંત્ર ભગવાન શ્રીહરિએ જગતને ચોકે રમતો મેલ્યો એટલે જગતના ટોડલે ટોડલે બેઠેલી જનતાને એનો **પ્રભાવ** પડવા લાગ્યો. મહામંત્રના ભજનથી તો સમાધિ સહજ હતી, પરંતુ એનો મહિમા એ સ્તરે પહોંચ્યો કે એ નામ લેવાનો સંકલ્પ થાય એને સમાધિ **સુગમ** બની જતી.

સદ્‌ગુરુવર્ય શ્રી રામાનંદ સ્વામી ધામમાં સિધાવ્યા ને આજે **ચૌદમો દિવસ** છે, નવયુવાન સહજાનંદ સ્વામી પોતાનું નામ **'શ્રી સ્વામિનારાયણ'** મહામંત્રનું ભજન કરવાનું સૌને સૂચવી રહ્યા છે.

પ્રગટ ભગવાનની તીવ્ર ઝંખનાને શમાવવા ઝરણાપરણાના એક યુવાને પશ્ચિમની વાટ પકડી છે. નામ છે એનું **શીતળદાસ.**

સાંભળ્યું છે કે, પશ્ચિમ દેશમાં સદ્‌ગુરુવર્ય શ્રી રામાનંદ સ્વામી એ ભગવાનનો અવતાર છે. પરંતુ કોઈએ એને કહ્યું કે, એ તો ધામમાં ગયા છે અને એમની ગાદીએ **સહજાનંદ સ્વામી** બિરાજે છે.

ચૌદમાના દિવસે પ્રભાત સમયે એણે ચૂંથાઈ ગયેલા અભરખાને પૂરા કરવા આગળ વધવા વિચાર્યું. તે વખતે ભગવાન શ્રીહરિ એનો સંકલ્પ જાણીને બોલ્યા : ''શીતળદાસ ! **'સ્વામિનારાયણ'** મહામંત્રનો જાપ જપો. અહિં જ ગુરુવર્ય રામાનંદ સ્વામીના દર્શન થશે.''

**'સુણી બોલિયા સુંદરશામ, રટો સ્વામિનારાયણ નામ.**
**લાગ્યા નામ તે રટવાને જ્યારે, થઈ તેને સમાધિ તે વારે;**
**સમાધિ વિષે શીતળદાસ, ગયા અક્ષરધામ નિવાસ.'**

(શ્રીહરિલીલામૃત : ૫/૩)

મંત્રજાપની શરૂઆત અને શીતળદાસની આરાધનાનો અંત. સમાધિ થઈ પ્રભુના દિવ્ય અક્ષરધામમાં સુખમાં તલ્લીન બની ગયા.

## 'શ્રી સ્વામિનારાયણ' મહામંત્રના ભજનથી સમાધિમાં ધામ દેખાડ્યું...

...રામાનંદ સ્વામીના સ્વધામ ગમન પછી **સાડાબાર ભગવાનો નાના મોટા થયા.** અને સત્સંગપણ થોડો થોડો વહેંચાઈ ગયો. તેને એક કરવા વાસ્તે **માંગરોળ**માં પોતાનો (શ્રીજીમહારાજે) પારમૈશ્વર્ય પ્રતાપ દેખાડવા માંડ્યો. કેવી રીતે

તો જે કોઈ એમને દેખે તેને તત્ક્ષણ સમાધિ થઈ જાય. આવું અપૂર્વ કૌતુક જોઈને એ ગામનો રાજા **વજદીન** નામનો હતો તેણે પોતાના **કાજી** નામના દિવાનને 'મહારાજ કેવી રીતે સમાધિ કરાવે છે.' તેની પરીક્ષા કરવા સારું મોકલ્યો. તેણે આવીને મહારાજને કહ્યું કે, 'મારા ઈષ્ટદેવને દેખાડો.' ત્યારે મહારાજે કહ્યું કે, 'તમે રાજાના સાળા દિવાન હોવાથી કંઈક આડુઅવળું અતર્કિત થઈ જાય તો રાજાનો ઠપકો આવે.' ત્યારે કાજીએ કહ્યું કે, 'મને રાજાએ જ મોકલ્યો હોવાથી ઠપકાનો ભય નથી.' પછી મહારાજે કહ્યું કે, **'સ્વામિનારાયણ'** એવું જોરથી ભજન કરો.' ત્યારે તેમણે તેમ કરતાં જ મહારાજે સમાધિ કરાવીને જમપુરી દેખાડી. તેનું દુરંત દુઃખ દેખીને કાજી તો બહુ ત્રાસ પામી ગયો. અને ન સહન થવાથી બોલ્યા કે, 'આ તો અનવધિ અસહ્ય દુઃખ છે.' ત્યારે મહારાજે કહ્યું કે, 'આ તો રાખના ડામ છે ડમયણાં (લોખંડાદિ ધાતુના સળિયાના) તો મર્યા પછી મળવાનાં નિશ્ચિત છે.' ત્યારે તે ભયભીત કાજીએ ફરી કહ્યું કે, 'એ દુરંત દુઃખ કેમ દૂર થાય ?' ત્યારે વળી મહારાજે કહ્યું કે, **'સ્વામિનારાયણ'** એવું ભજન કરો તો દુઃખ મટે.' ત્યારે વળી કાજીએ કહ્યું કે, 'દુઃખ ટળ્યા પછી કેવું સુખ મળે ?' ત્યારે વળી મહારાજે સમાધિ કરાવીને અક્ષરધામનું નિત્ય સુખ દેખાડ્યું. તે પછી તેને સમાધિમાંથી બહાર લાવીને પોતાના પર સ્વરૂપનો નિશ્ચય કરાવીને પોતાનો આશ્રિત કર્યો. પછી એ દિવાનજીએ રાજા પાસે જઈને આશ્ચર્યકારી બધી બાબત કહી. તે સાંભળી તુરંત એ રાજા, મહારાજ પાસે આવ્યા. તે વખતે મહારાજ બીજા ગામે જવા તૈયાર થતા હતા. પણ રાજાએ બહુ વિનંતિ કરીને ચાર માસ સુધી રાખ્યા અને ઉપયોગી સઘળી સેવા પણ કરી અને અનન્ય આશ્રિત થયા અને **'સ્વામિનારાયણ'**ના નામથી ભજન કરવા માંડ્યું. (સ.ગુ. શ્રી અદ્‌ભુતાનંદ સ્વામીની વાતો : ૨૨)



## સદ્ય સમાધિનું કારણ 'સ્વામિનારાયણ' નામનું ભજન છે !

...ભુજમાં મુક્તાનંદમુનિને ખરી ખબર મળી કે, 'મહારાજ તો અનેક સામાન્ય જીવોને **સદ્ય સમાધિ** કરાવે છે અને પારમૈશ્વર્યને પ્રદર્શાવે છે.' આથી વિસ્મય પામેલા સ્વામીશ્રી ઉતાવળા આવીને, મહારાજને ઠપકાના રૂપમાં કહેવા લાગ્યા કે, 'સત્સંગમાં રહીને બહુ ફેલી થવું નહિ, સમાધિ કાંઈ સહેલી નથી. બહુ દુષ્કર છે.' ત્યારે મહારાજે ધીમેથી કહ્યું કે, **'સ્વામિનારાયણ'** એવા તત્ત્વ નામથી ભજન કરતાં જ સમાધિ થાય છે. ગમે તેમ વારશો તો પણ થશે, એમાં અમે શું કરીએ, આ કંઈ ફેલ નથી...' (સ.ગુ. શ્રી અદ્‌ભુતાનંદ સ્વામીની વાતો : ૨૪)

## શ્રી સ્વામિનારાયણ જે કહેશે, ભાવે કુભાવે પણ મુક્તિ લેશે...

ભગવન્નામ અનંત માધુર્ય, ઐશ્વર્ય અને સુખોની **ખાણ** છે. બધાં જ શાસ્ત્રોમાં નામના મહિમાનું **વર્ણન** કરવામાં આવ્યું છે. આ અનેક પ્રકારની આધિ-વ્યાધિથી ગ્રસ્ત કળિકાળમાં **હરિનામ-જપ** સંસારસાગરથી પાર થવા માટેનું **ઉત્તમ સાધન** છે.

ભગવાનના મંગલકારી નામનો મહિમા હિન્દુ શાસ્ત્રોમાં અપરંપાર ગૂંજે છે. સ્કંદપુરાણમાં તથા બૃહદ્ વિષ્ણુપુરાણમાં ભગવાન વેદવ્યાસજી, ભગવાનના **નામ**નો **મહિમા** દર્શાવતા નોંધે છે :

'नाम्नोऽस्ति यावती शक्तिः पापनिर्दहने हरेः ।
तावत्कर्तुं न शक्नोति पातकं पातकी जनः ।।'

અર્થાત્ પૂર્ણ પુરુષોત્તમ ભગવાનના પરમ પુણ્યકારી નામમાં જેટલાં પાપોને નાશ કરવાની શક્તિ છે, એટલા પાપ તો પાપી પુરુષ પોતાના સમગ્ર જીવન દરમ્યાન પણ કરી શકે તેમ નથી. (બૃહદ્ વિષ્ણુપુરાણ તથા સ્કંદપુરાણ વૈ. માર્ગ મા. : ૧૫/૫૩)

ભક્ત હોય અને ભાવથી મહામંત્ર ઉચ્ચારે અને એનું કલ્યાણ થાય એ તો 'આંભલે ઉગેલો ચાંદલો જોવો' એવું નરી આંખે દેખાય તેવું છે. પરંતુ..., જેને નામ-મહામંત્રનો જ મહિમા નથી; સંબંધ નથી છતાં પણ મોક્ષને માર્ગે આગળ ચાલ્યા જાય, એ વાત થોડી અટપટી અને વિચિત્ર લાગે છે. ત્યાં ભગવાન શ્રીહરિના **સંતોના શબ્દો** આડો હાથ દે છે :



**'વહેતી કીધી અક્ષર વાટ પુરુષોત્તમ પ્રગટી રે...'**

અનેક તારલાની મધ્યે જેમ ચાંદામામાનો રથ તરી આવે એમ અનેક ઘોડલાની ઘમરાણો વચ્ચે વિંટાયેલા **શ્રીજીમહારાજ** અલગ તરી આવે છે. ભગવાન શ્રીહરિએ વાટ લીધી છે **ગઢપુર થી વડતાલ**ની...

સુરજદાદાએ શણગાર સજી અને આછો આછો પ્રકાશ ગગને રમતો મૂક્યો છે, ગાયોના ધણ અહિંથી જ ગયાં હશે એવી સાબીતી **ગૌરજ** આપે છે, અબળાઓ ગામને ગોંદરે છાણા વીણીને કોલાહલ કરી રહી છે. એ વખતે સખાઓ સહિત ભગવાન શ્રીહરિ ભાલના ગામડાના પાદરમાંથી પસાર થઈ રહ્યા છે.

''હે પ્રભુ ! આપ અનંત જીવ ઉદ્ધારવા આ ધરા પર આવ્યા અને આ અભણ ગામડીયા આપને નહિ ઓળખી શકે ? શું એનો **મોક્ષ** નહિ થાય ? શું એનું **કલ્યાણ** આપને નથી કરવું ?''

''દરબાર ! કેમ આજ આમ વાકું બોલો છો ? કોણ વળી બાકી રહ્યું છે ?''

''આ ડોશી મા...., બિચારાની આખી જિંદગી આમને આમ ગઈ.''

છાણા વિણતા બબડતાં એક ડોશી સામે દરબારે આંગળી ચીંધી.

''દરબાર ! એનો તો મારે મોક્ષ જ કરવો છે..., પણ !''

''પણ શું ?'' દરબારે અધીરાઈથી પૂછ્યું.

''એકવખત મારું નામ **સ્વામિનારાયણ** બોલે તો.''

''વાહ પ્રભુ વાહ ! તમે તો કલ્યાણને સાવ સસ્તું કર્યું.''

દરબાર ઘોડીએથી નીચે ઊતરી ડોશીમાને કહ્યું : ''માડી ! આજે આ ભૂમિ પર સાક્ષાત્ ભગવાન પ્રગટ્યા છે, ને એનું નામ **સ્વામિનારાયણ** છે. તમે એકવખત એમનું નામ લ્યો તો એ તમારું કલ્યાણ કરે.''

''હા દિકરા ! નામ લીધું હોય તો થાય હો !!'' ડોશીએ છાણા વિણતા વિણતા જ જવાબ આપ્યો.

ડોશીનો જવાબ સાંભળી દરબારના મોં પર **ઉદાસીનતાની રેખા** ફરી વળી.

'અભાગણી ડોશી...' સૂરોખાચર મનમાં જ બબડ્યાં.

''અરે માજી ! તમે એમનું **એકવખત નામ** લ્યો તો એ તમારું કલ્યાણ કરે. અને તમને ધામ આપે.'' સૂરોખાચર રાજી થકા બોલ્યા.

''ના રે વિરા ! હવે જતી જિંદગીએ કાં નામ લેવું.'' ડોશીમા છાણાનો સૂંડલો માથે ચડાવતા બોલ્યા.

હાથમાં આવેલો શિકાર છટકી ન જાય અને જેમ વનરાજને રીસ ચડે એમ સૂરાખાચરને લાગી આવ્યું. પણ કરેય શું !! કર્તા-હર્તા ભગવાન શ્રીહરિ સાથે હતા. તેમ છતાં દરબારથી ન રહેવાયું એટલે બે ડગલાં આગળ ચાલીને ડોશીના માથા ઉપર રહેલ છાણાના સૂંડલાને ધક્કો માર્યો અને ડોશીમાના હાથમાંથી સૂંડલો હેઠો પડ્યો.

''મારા પીટ્યા સ્વામિનારાયણીયા ફાટી ગયા છે !'' મોઢામાં દાંત નથી છતાં ડોશીમાં કચકાતા હૈયે બોલ્યા.

આ સાંભળી સૂરાખાચર નાચવા લાગ્યા. અને ભગવાન શ્રીહરિ પાસે દોડી ગયા.

''મહારાજ ! એ ડોશી કલ્યાણ લઈ ગઈ હો !! **અભાવથી પણ તમારું નામ** બોલી તો ખરી.''

**'શ્રી સ્વામિનારાયણ જે કહેશે,**
**ભાવે કુભાવે પણ મુક્તિ લેશે.'**

**જપીશ આઠો જામ :**

**સ્વામિનારાયણ નામ...**



ભગવાન શ્રી સ્વામિનારાયણનો **ભગવો ઝંડો** ફરકાવતા **સંતો** પંજાબની સીમમાં આવી પહોંચ્યા. નવો પ્રાંત, નવી ધરતી, નવા માનવીઓની વચ્ચે આ સંતોનું વર્તન **કાંટાની વચ્ચે રહેલા ગુલાબ** જેવું ખીલી ઊઠ્યું.

એક ઘટાદાર વડલાની ઓથે સંતોએ **વિસામો** લેવા વિચાર્યું. આ વખતે સૂરજ પોતાની લાલાશ જગને આપી અલવિદા થઈ રહ્યો છે. પણ એને જતા આકાશમાં રહેલા વાદળાં જગતને પલાળવા અધીરા બન્યા, એકાએક ધોધમાર વરસાદ તૂટી પડ્યો, વરસાદની વરસતી જડી સાથે આ સંતોના ધોતિયા પણ વરસવા લાગ્યા, કાળજું પલાળે એવો વરસાદ અને કાળજું ઠારે એવી કાતિલ ઠંડીથી સંતોના શરીર ધ્રૂજવા લાગ્યા, પરંતુ મુખે તો ભગવાન શ્રીહરિ અખંડ સંભારે છે.

આ સંતોને મહેલની અટારીએથી એક સ્ત્રીએ સંતોને ધ્રૂજતા જોયા ને નોકર દ્વારા બોલાવી સંતોને મહેલમાં ઉતરવા બોલાવ્યા અને દાણા-પાણીની સગવડ કરી અપાવી. સંતોએ નોકરને એ પણ કહી દીધું કે, માલિક સ્ત્રી હવે નીચે ન આવે.

આ સ્ત્રીના આગ્રહ અને ભાવથી ત્રણ દિવસના ઉપવાસ પછી સંતોએ ખીચડી પકાવીને ઠાકોરજીને થાળ ધરાવીને જમ્યા.

હવે રાત્રિએ પોતાના અંધકારનો કાળો ધાબળો જગત પર પાથરી દીધો છે એ વખતે નોકર સંતો પાસે બેસવા આવ્યો. ત્યારે સંતોએ તેને પૂછ્યું : ''ભાઈ ! આ આટલા વિશાળ મહેલમાં કોણ રહે છે ? અને આ મહેલ છે કોનો ?''

ત્યારે નોકર કહે : ''મહારાજ ! આ મહેલ પંજાબના રાજા રણજીતસિંહની **રખાત** એક **વેશ્યા** બાઈનો છે.''

''રખાત ?'' સંતો આ જવાબથી હેબતાઈ ગયા.

**'અનેક પતિત ઉદ્ધારીયા, જેના જશનો રે મોટો પરતાપ...સંત સમાગમ કીજીએ.'**

સ.ગુ. શ્રી મુક્તાનંદ સ્વામીની આ પંક્તિને જીવનમાં જબોળતા સંતોએ તે ગણિકાનો ઉદ્ધાર કરવા **'શ્રી સ્વામિનારાયણ' મહામંત્ર**ની ધૂન ઉપાડી.

જેમ જેમ **'શ્રી સ્વામિનારાયણ'** મહામંત્રની ધૂન વધારે **પ્રબળ** બનવા લાગી તેમ તેમ અંતરમાં ભૂલા પડેલા આત્માને પ્રકાશ મળતા દોટું દેવા લાગ્યો, એનું હૈયું **નિર્મળ** બની ગયું. વિષયભોગથી ખરડાયેલું **માનસ** બદલાઈ ગયું. એક દિવસ આત્માનો સળવળાટ વ્યાપ્ય બન્યો અને વેશ્યા **વૈરાગણ** બની મહેલ છોડી ચાલી નીકળી.

''રાજા રણજીતસિંહને કહેજો કે, હવે હાડ-માંસ અને રૂધિરથી ભરેલા દેહમાં આસક્ત ન થાય. હવે હું અવિનાશી વરને વરવા જઈ રહી છું. અને એને પામીને જ જંપીશ, માટે શોધશો નહિ.'' જતા જતા આ વેશ્યાબાઈ નોકરને કહેતી ગઈ.

જંગલમાં જઈ એક નદી કિનારે પર્ણકુટિરમાં આ સ્ત્રીએ નિવાસ કર્યો. અને ભગવાન શ્રી સ્વામિનારાયણને પામવા સંતોના મુખે સાંભળેલા 'શ્રી સ્વામિનારાયણ' મહામંત્રનું રટણ ચાલુ કર્યું : **'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ'**

સ.ગુ. શ્રી પ્રેમાનંદ સ્વામી 'શ્રી સ્વામિનારાયણ' મહામંત્રનો અદ્‌ભુત મહિમા લખે છે કે, સ્વામિનારાયણ મહામંત્ર એ કળિયુગમાં આજ પ્રગટ મહામંત્ર છે. તમે તમારી નરી આંખે એનું ફળ જોઈ શકો છો અને અંતે અક્ષરધામને પામી જાવ છો :

**'અનેક પતિત ઓધાર્યા પૂરવે આ મંત્રથકી, અજામિલ ગનિકા આદિક અપાર જો;**
**તે મંત્ર આજ મહારાજે પ્રગટ કર્યો, કળિમાં કરવા અનેક પતિત ભવપાર જો. સ્વામિ...'**

કાશીના રાજા **અનોપસિંહ** હતા. તેમના **ધર્મપત્ની** ઈડર રાજાના દિકરી હતા. પરણીને જ્યારે પતિગૃહે આવ્યા ત્યારે કરિયાવરમાં પિતાના ઘેરથી ભગવાન શ્રી સ્વામિનારાયણની મૂર્તિ અને સત્સંગ લાવેલા. તેમને ઘેર એક **કુંવરી**નો જન્મ થયો, જે મોટી થતા ખૂબ રૂપવાન અને ગુણવાન બની.

એકદિવસની વાત છે. રાજા ત્રણ ચાર સાથીદારો સાથે જંગલમાં શિકારે નીકળી ગયા. શિકારની પાછળ પાગલ બનેલા આ રાજન એક અંગરક્ષક સાથે અલગ થઈ ગયા. શિકાર તો ન પકડાયો પણ એમનું મોત જાણે પકડાઈ ગયું હોય એમ એક સાવજ પોતાની ભણી ધસી આવ્યો અને તરાપ મારવા જાય ત્યાં જ સાથે રહેલા અંગરક્ષકના **અચુક નિશાને** વનરાજાને વીધીં નાખ્યો.


પોતાની જાન બચાવવાથી ખુશ થયેલા ભૂપે અંગરક્ષકને કંઈક માંગવાનું કહ્યું.

આ યુવાને રાજાની રાજકુંવરીનો હાથ માંગ્યો.

મોહાંધ બનેલા આ અંગરક્ષકને રાજા કાંઈક બોલવા જાય ત્યાં ભગવાન શ્રી સ્વામિનારાયણને વિશે અનન્ય નિષ્ઠા ધરાવતી આ યુવાન કુંવરીએ સમય સાચવી લઈ અંગરક્ષકને ભરદરબારમાં **સ્પષ્ટપણે** કહી દીધું કે, ભલે ! હું આપની સાથે લગ્ન કરવા તૈયાર છું. પરંતુ **એક શરત** કે તમામ સગવડે યુક્ત એવા ઓરડામાં તમારે ભગવાન શ્રી સ્વામિનારાયણની મૂર્તિ સમક્ષ બેસીને હાથમાં માળા લઈ છ માસ સુધી **'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ'** એમ અખંડ ભજન કરવાનું અને ત્યાંથી તમારે બહાર પણ નીકળવાનું નહિ.

આ શરત મંજુર રાખી તે અંગરક્ષકે મૂર્તિ આગળ બેસી **'શ્રી સ્વામિનારાયણ'** મહામંત્રનું **રટણ** ચાલુ કર્યું. અને જે મહામંત્રે અનાદિની વાસના બાળી નાખી. જેમ જેમ ભજન થતું ગયું તેમ તેમ અંતરે વાસના બાળવા માંડી. ચાર માસ પૂરા થતા તો **નિર્મળ** ને નિર્વાસનિક બનેલા આ **અંગરક્ષક** બહાર આવી સંસારનો મળવત્ ત્યાગ કરી ભગવાન શ્રીહરિની ભગવી ચૂંદડી ઓઢી **સદૈવ** અમર બની ગયા. તેથી જ સ.ગુ. શ્રી **મુક્તાનંદ સ્વામી** કહે છે :

**'મુક્તાનંદ કહે મહિમા અતિ ઘણો, તેને એક મુખે રે કવિ કેટલોક ગાય...'**



## કાને એ નામની ભણક પડી રે,
## તેને અક્ષરપોળ ઊઘડી રે...

નથી આ કોઈ કાલ્પનીક કથા... આ છે એક સત્ય ઘટના. આકાશને આંબતા શિખરો, વાયુને લહરકે લહેરાતી ધજા ભક્તિનો અને હિન્દુત્વનો **સંદેશ** આપે છે. ભરતખંડના રાજા **નરનારાયણ દેવ** 'તમે મારા છો' એમ કહેતા સૌ કોઈના મનને તાણી રહ્યા છે. એ પછી ભૂલકાથી માંડીને વયોવૃદ્ધ ભલેને હોય !!

ઘરની બારી ખોલે અને નરનારાયણ દેવના ગગનચૂંબી શિખરોના દર્શન થાય એટલા નજીક એક હરિભક્તનું ઘર હતું. તેમનો એક **લાડકવાયો દિકરો** હતો, તે વારસાગત સંસ્કારોને કારણે દરરોજ અચૂક મંદિરે **દર્શન** કરવા જતો.

'સંગ તેવો રંગ' એ ન્યાયે એનો ઉંમરમાં બરોબરિયો એક **વણીકનો દિકરો** તેનો ગોઠીયો **મિત્ર** હતો. એ પણ એની સાથે દરરોજ મંદિરે દર્શન કરવા આવતો.

એક દિવસ સભામંડપમાં ભગવાધારી સંતના મુખેથી **'શ્રી સ્વામિનારાયણ'** મહામંત્રનો **મહિમા** સાંભળ્યો : 'શ્રી સ્વામિનારાયણ' મહામંત્રથી ભૂત-પિશાચ કાંઈ કરી શકતું નથી, પરંતુ પાસે ફરકી પણ ન શકે. આવો સચોટ ઉપદેશ-મહિમા બાળમાનસમાં ઠસી ગયો. બસ ત્યારથી એના મનમાં 'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ' એમ મહામંત્રનો જાપ થવા લાગ્યો.

દરરોજ નિશાળેથી ઘેર જતા છોકરાને એકદિવસ શિક્ષકે પોતાને ઘેર બોલાવ્યો. બરાબર સંધ્યાની લાલાશ પથરાઈ અને આ શિક્ષકની **મેલી મુરાદ** સળવળી. પેલા વણિક બાળકને લઈ તે **સ્મશાને** પહોંચ્યો. કારણ એ હતું કે, તે શિક્ષક તમોગુણી એવા કાળભૈરવનો ઉપાસક હતો. તેથી **નરબલી ચઢાવવા માટે** આ **બાળક**ને લાવ્યો હતો.

નિર્દોષ બાળક આ માનવીની **છળકપટ** ન જાણી શક્યો. એને એક ખીજડા નીચે ઊભો રાખ્યો અને મંત્ર-પ્રયોગથી કાળભૈરવને બોલાવ્યો. અને કહ્યું : ''તમારો **બલી** લાવ્યો છું, માટે તેનો **સ્વીકાર** કરો.''

બાળકને જોતા કાળભૈરવ અતિ આનંદમાં આવી ગયો અને બાળકને લેવા અને તેનું ભોજન કરવા અધીરો બન્યો.

કાળભૈરવનું ભયંકર રૂપ જોઈને વણિક બાળકને અતિ ભય લાગવા માંડ્યો. પરંતુ તે વખતે તેના અંતરમાં પડેલો 'શ્રી સ્વામિનારાયણ' **મહામંત્ર** ઓડકારની જેમ બહાર આવ્યો. અને મુખેથી **'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ'** એમ મહામંત્ર બોલવા લાગ્યો. કાળભૈરવ જ્યાં નજીક આવ્યો ત્યાં એનું શરીર બળવા લાગ્યું, તેથી એ પાછો ભાગ્યો અને શિક્ષકને કહે : ''અલ્યા એય ! આ છોકરો કાંઈક બોલે છે. તેથી હું બળું છું, એને બોલતો બંધ કર.'' આ શબ્દો બાળકે સાંભળ્યા તેથી તે હવે **નિર્ભયપણે** જોર જોરથી **'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ'** બોલવા લાગ્યો.

ત્યારે શિક્ષકે **ધમકી** આપી : ''અલ્યા એય મુરખા ! નામ બંધ કર, નહિ તો પરીક્ષામાં નાપાસ કરીશ.'' પરંતુ કાળનો ઈશારો જોઈ ગયેલો તે **વણિક બાળક** શિક્ષકનું કશું જ ન માન્યો. તેથી કાળભૈરવ એની પાસે તો આવી જ ન શક્યો.

પછી કાળભૈરવનો સમય પણ પૂરો થવા આવ્યો. હવે પોતાની બલિનું શું ?... એણે શિક્ષક ભણી દોટ મૂકી અને શિક્ષકનું લોહી ચૂસી અદશ્ય થઈ ગયો.

આવું ભયાનક દશ્ય જોઈને બાળક ગભરાઈ ગયો. તેથી **'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ'** મહામંત્રનો અજપા જાપ ચાલુ થઈ ગયો. અને એકદમ અંધારાને વિંધતો દોડતો દોડતો શ્રી સ્વામિનારાયણ મંદિરે પહોંચ્યો. પરંતુ જાપ તો ચાલુ જ હતો. તેથી તેમના માતા-પિતાને જાણ થતાં કાલુપુર મંદિરે આવ્યા. બાળકને ઠાકોરજીના દર્શન કરાવી સંતો દ્વારા પ્રસાદીના જળનું પાન કરાવ્યું. પછી બાળકે તમામ ઉપરોક્ત બનેલ ઘટના કહી. તેમના માતા-પિતાએ જાણ્યું કે, આપણા દિકરાને ભગવાન શ્રી સ્વામિનારાયણના મહામંત્રના રટણથી બચાવ્યો છે. તેઓ પછી સત્સંગી બની ગયા અને મહિમાએ સહિત ભગવાન શ્રીહરિનું ભજન કરવા લાગ્યા.

આ ઘટનાની આજે શ્રી નરનારાયણ દેવના **ગગનચૂંબી શિખરો** સાક્ષી પૂરી રહ્યા છે.

## મનવા એહી મંત્રરાજ, ઈષ્ટદેવ અપના

સ.ગુ. શ્રી મુક્તાનંદ સ્વામી ગાય છે :

**'સ્વામિનારાયણ સ્વામિનારાયણ સ્વામિનારાયણ જપના,**
**મનવા એહી મંત્રરાજ ઈષ્ટદેવ અપના. સ્વામિ૦**
**હરત ફરત કરત કામ સ્વામિનારાયણ કૈયે,**
**મોહાદિક શત્રુ મીટે પરમાનંદ પૈયે. સ્વામિ૦'**

ભગવાન શ્રીહરિ **ગઢડા પ્રથમ પ્રકરણ**ના ૨૧, ૨૨ અને ૨૩મા **વચનામૃત**માં કહે છે :- ''જે જે ક્રિયા કરવી તેમાં ભગવાનની **સ્મૃતિ** રાખવી, અને ભગવાનનું **નામરટણ** કરવું.''

આ વચનને એક વનિતાએ ગ્રહણ કર્યા. સૌરાષ્ટ્રની ધિંગી ધરતી પર ખોબા જેવડું ઘાંડલા ગામ ભગવાન શ્રી સ્વામિનારાયણના રંગથી રંગાઈ ગયેલું.

સૂરજ પોતાની લાલાશ પાથરે એ પહેલા મૂળુ ડોશી ઊઠી અને ઉચ્ચે સ્વરે **'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ'** મહામંત્રનું **અખંડ ભજન** કરતા. જેના કારણે ઘરનું વાતાવરણ **મંદિર તુલ્ય** થઈ ગયેલું. સાંજ પડે અને ભજનીકો મૂળુ ડોશીના ફળીયે એકઠા થઈ ભજન-કીર્તનોની **રમઝટ** બોલાવે.

હરિભક્તો કહે, રંગ છે મૂળુડોશીને ! દ્વેષીઓ બોલે, હવે તો એની હે ફાટી છે હો !!!

એક દિવસની વાત છે. સૂરજ માથે આવી અને ખસવાનું ભૂલી ગયો છે, પંખીઓ માળામાં જઈને લપાઈ ગયા, માણસો ઘરમાં જઈ ભીના પોતા કરી એની ભીનાશ માણી રહ્યા છે. એ વખતે મૂળુ ડોશીનો આત્મા પરમાત્માને પામવાની તૈયારી કરતો હોય એમ પથારીએ સૂતા સૂતા **'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ'** બોલી રહ્યો છે.

''હવે તું તારા આત્માની સદ્‌ગતિ કર. હું તારી વાંહે **પાંચ એકાદશી** કરીશ.'' મૂળીબાઈના ખાટલા પાસે ઊભેલા તેના ધણીએ કહ્યું.

ત્યારે નિષ્ઠાના કેફ સાથે **મૂળુ ડોશી** કહે : ''અરે ! ડોસા તમારી એકાદશી હું લઉં અને મારી **સદ્‌ગતિ** થાય...!!! ભૂલ્યા ડોસા તમે ભૂલ્યા. મારે મુખે 'સ્વામિનારાયણ' મહામંત્રનો અખંડ જાપ થાય અને તમારી એકાદશીએ મારી સદ્‌ગતિ થાય ? અરે ! મારી વાત તો ક્યાં રહી !! પરંતુ મારા હાથના ઘડેલા રોટલા જેણે જેણે ખાધા હશે તેને ભગવાન શ્રી સ્વામિનારાયણ પોતાના ધામમાં લઈ જાશે...!!! તો એમાં તમારી **એકાદશી** ક્યાં આડી આવે ?''

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના **ઈતિહાસના ઉજળા પૃષ્ઠો**એ એની **સાક્ષી** પૂરી કે, મૂળી ડોશીના હાથના રોટલા જેણે જેણે ખાધા એને **ભગવાન શ્રી સ્વામિનારાયણ** પોતાના ધામમાં લઈ ગયા.

આવો જ એક **બીજો પ્રસંગ** જોઈએ :

**'સુણી સ્વામિનારાયણ નામ રે,**
**સર્યા કંઈક જીવના કામ રે;**
**કાને એ નામની ભણક પડી રે,**
**તેનો અક્ષરપોળ ઉઘડી રે.'**

(પુરુષોત્તમ પ્રકાશ : ૨૩/૧૧)

સવારનો સમય છે. પંખીડાઓ ચણ લેવા આકાશે રમવા લાગ્યા છે, ઘેર ઘેર ધૂપ-દિવા થઈ અને બૂઝાઈ જવા આવ્યા છે, એ વખતે એક ઝૂપડાં જેવી દેખાતી ગાધકડા ગામના દરજીની દુકાનમાંથી **'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ'** મહામંત્રનો **નાદ** ગૂંજે છે.

''અરે ! રવલા ! સાંભળ છો ! તું આખો દિવસ-રાત્રિ 'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ' મંડ્યો જ હોય છે, તે એમ **સ્વામિનારાયણ** થોડું તારું કલ્યાણ કરશે ? એ થોડા ઝોળીમાં **કલ્યાણ** રાખી ફરે છે ??''

''અરે ! વડીલો ! મારું કલ્યાણ...!! '' રવજીભગત હસી પડ્યા.

''મારાં કલ્યાણનું તો ક્યાં રહ્યું ! પરંતુ મારા હાથની ડગલી જેણે જેણે પહેરી હશે તેનું પણ મારા સ્વામિનારાયણ ભગવાન કલ્યાણ કરશે.''

''વાહ ! રે ! રવજીભગત તમારી ભગતીને ધન્ય છે હો...!!!''

રવજીભગતનો આ જવાબ સાંભળીને સૌ કોઈ મૌન જ બની ગયા.

ગામજનોના આ આશ્ચર્યચકિત મૌન ડગલાને રવજીભગતનો જવાબ કહેતો જ હશે કે :

**'મને સ્વામિનારાયણ ભાવે, લોક સ્વામિની કહીને બોલાવે;**
**મુખે સ્વામિનારાયણ ગાઉં, લોકલાજ થકી ન લજાઉં.**
**મારે સ્વામિનારાયણ ભજવા, દુરિજનીયાના સંગને તજવા...'**







# સંપ્રદાયના ગ્રંથોમાં 'શ્રી સ્વામિનારાયણ' મહામંત્ર નામ મહિમા




## વચનામૃત

"…ગમે તેવો પાપી હોય ને અંત સમે જો તેને **'સ્વામિનારાયણ'** એવા નામનું ઉચ્ચારણ થાય, તો તે સર્વ પાપ થકી છુટીને બ્રહ્મમહોલને વિષે નિવાસ કરે એવો ભગવાનનો પ્રતાપ મોટો છે માટે ભગવાનનું બળ રાખવું…"

(વચ. ગ. પ્ર. પ્ર. ૫૬)

"…જ્યારે એવા ભૂંડા ઘાટ થવા માંડે ત્યારે ધ્યાનને પડ્યું મુકીને જીભે કરીને ઉચ્ચસ્વરે નિર્લજ્જ થઈને તાળી વજાડીને **'સ્વામિનારાયણ… સ્વામિનારાયણ'** ભજન કરવું…"

(વચ. લો. પ્ર. ૬)



## શ્રીહરિચરિત્રામૃતસાગર

**(સ.ગુ. શ્રી આધારાનંદ સ્વામી કૃત)**

"…સ્વામિનારાયણ નામ સાંભળી ભૂત-પ્રેત પણ માથું ધૂણાવી નાસી જાય છે. બીજા મતપંથી **સત્સંગનો પ્રતાપ** જોઈ પાતાળમાં પેસી ગયા છે."

(શ્રીહરિચરિત્રામૃતસાગર : પુર-૩, તરંગ-૫૮ )

"…સ્વામિનારાયણ નામ સાંભળી જમપુરીનાં જીવોના પાપ બધાં બળી ગયાં. અને ભાગવતી તનુ પામી દિવ્ય વિમાનોમાં બેઠા. ધર્મરાજા તેમને કહે, તમારાં કંઈ સુકૃત નથી આ તો **સ્વામિનારાયણ નામનો પ્રતાપ** છે."

(શ્રીહરિચરિત્રામૃતસાગર : પુર-૪, તરંગ-૧૦૩ )

"…સવારે સંતોની ધૂન સાંભળીને સંતોને શ્રીહરિએ કહ્યું કે, તમે **સ્વામિનારાયણ નામની ધૂન** કરો છો, તેથી ઠામોઠામ લોકો તે નામ બોલે છે. તે નામનો બહુ **પ્રતાપ** છે. કળિના પાપને નાશ કરવામાં એ નામ અગ્નિ જેવું છે."

(શ્રીહરિચરિત્રામૃતસાગર : પુર-૬, તરંગ-૧૨ )

"…સવારમાં જાગી સંતો ધૂન કરવા લાગ્યા. સવારમાં **સ્વામિનારાયણ** શબ્દ જેના કાને પડે તેના રાત્રિના અમંગળ નાશ પામે છે." (શ્રીહરિચરિત્રામૃતસાગર : પુર-૬, તરંગ-૨૭)

"…શ્રીહરિ ઊભા થઈને ધૂન કરવા લાગ્યા. બધા

હરિભક્તો પણ ઊભા થઈને ધૂન કરવા લાગ્યા. ધૂનના શબ્દોથી આખું વાતાવરણ ગાજી રહ્યું. ધૂનમાં **'સ્વામિનારાયણ'** એવા નામનું વારંવાર ઉચ્ચારણ થતું. અને ભક્તોને તે તે નામની સાથે તે તે ભગવાનના દર્શન થતા અને બધા રૂપો સ્વામિનારાયણમાં લીન થતા અને નીકળતા દેખાતા. આવું ક્યારેક ક્યારેક બનતું. ક્યારેક ધૂન કરતા આકાશમાં મૂર્તિ દેખાતી.'' (શ્રીહરિચરિત્રામૃતસાગર : પુર-૭, તરંગ-૩૭)

''...એક દિવસનો હરિભક્ત હોય અને તે **સ્વામિનારાયણનું નામ** લેતો હોય તેના પણ મન-કર્મ-વચને કરીને દાસપણે વર્તવું.'' (શ્રીહરિચરિત્રામૃતસાગર : પુર-૭, તરંગ-૪૬)

''...**'સ્વામિનારાયણ'** નામ રટણ એકવાર કરવાથી જમનો ત્રાસ દૂર થાય છે.''

(શ્રીહરિચરિત્રામૃતસાગર : પુર-૮, તરંગ-૧૨)

''...ભગવાન શ્રીહરિના અનંત નામો છે. તે એક એકથી અધિક છે પણ જેવો સમય ત્યાં તેવું નામ ભગવાન શ્રીહરિ પ્રગટ કરે છે, પણ **શ્રી સ્વામિનારાયણ**નું નામ સર્વેથી પર વિખ્યાત છે. તેને વિષે બીજા સર્વે નામ આવી જાય છે. અને સ્વામિનારાયણનું **એક નામ** જપવાથી બીજા **સર્વે નામ** આવી જાય છે, પણ કોઈ નામ બાકી રહે જ નહિ. એવો **અલૌકિક પ્રતાપ** જાણી સર્વે ભક્તજનો શ્રી સ્વામિનારાયણના નામની ધૂન્ય કરતા પણ બીજાના નામ વિષે એવો પ્રતાપથી શ્રી સ્વામિનારાયણના નામનો અનંત અપાર પ્રતાપ અધિક છે. એવો પ્રતાપ બીજાનો જાણવો નહિ. અને એવો પ્રતાપ નથી જાણતા તે બીજાના નામને અધિક માને છે. જે જે અવતાર જેને આપ્યો હોય તેમાં હેત થાય પણ એક એક નામ વિષે સર્વેને હેત કે રસ આવે જ નહિ. કેમ કે એક એક નામ લે પણ અવતાર જુદાં જુદાં ભક્તો માટે અનંત ધરે છે તેની પ્રથમથી મુક્તોને કે ભક્તોને જરા પણ ખબર પડતી નથી અને સર્વે ભક્તોના મત જુદાં જુદાં છે તે સર્વે **શુદ્ધ સમજણ** વિનાના છે. અને જેને પ્રગટ ભગવાન શ્રીહરિનો નિશ્ચય નથી તેને પ્રગટનું નામ લેતા અતિ લાજ લાગે છે. અને જેને ભગવાન શ્રીહરિ **પ્રગટ** મળેલા છે તે ભક્ત તો દિવસે દિવસે પ્રગટનું નામ લેતા **અતિ સુખ** અને **આનંદ** માણે છે.'' (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૦/૩૫)

''...**સ્વામિનારાયણ** નામમાં **બધાય નામ** આવી જાય છે. તેનો જપ કરતા બીજો કોઈ નામ બાકી રહેતા નથી. એમ પ્રતાપ સમજીને જનો તે નામની ધૂન કરતા.'' (શ્રીહરિચરિત્રામૃતસાગર : પુર-૧૦, તરંગ-૪૮)

''...**સ્વામિનારાયણ**નું નામ ભજે તે સર્વ સંત હરિભક્ત **દિવ્ય** છે. બધા અવતારનું સામર્થ્ય એમાં રાખ્યું છે.''

(શ્રીહરિચરિત્રામૃતસાગર : પુર-૧૧, તરંગ-૪૨), (શ્રીહરિચરિત્રામૃતસાગર : પુર-૧૧ તરંગ-૧૨ )

''...સ્વામિનારાયણ મંત્ર આજ કળિયુગમાં **જીવનો ઉદ્ધાર કરનાર** છે. સર્વે સંતો-હરિજનો **સ્વામિનારાયણ મંત્રની માળા** ફેરવે છે. તમારે જેટલી શ્રદ્ધા હોય તે પ્રમાણે નિત્ય **સ્વામિનારાયણ** જપ સાથે માળા ફેરવવી, પાંચ માળાથી ઓછી ક્યારેય ન ફેરવવી. અધિક કરો તો અધિક લાભ થાય. જીવને **સાચો લાભ** આ મંત્રના જપથી થાય છે.'' (શ્રીહરિચરિત્રામૃતસાગર : પુર-૧૩ તરંગ-૩૨ )






## શ્રીહરિલીલામૃત
### (પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજ કૃત)

જે સ્વામિનારાયણ નામ લેશે, તેનાં બધાં પાતક બાળી દેશે;
છે નામ મારાં શ્રુતિમાં અનેક, સર્વોપરી આજ ગણાય એક.
જો સ્વામિનારાયણ એકવાર, રટે બીજાં નામ રટ્યા હજાર;
જપ્યા થકી જે ફળ થાય એનું, કરી શકે વર્ણન કોણ તેનું ?
ષડક્ષરી મંત્ર મહાસમર્થ, જેથી થશે સિદ્ધ સમસ્ત અર્થ;
સુખી કરે સંકટ સર્વ કાપે, અંતે વળી અક્ષરધામ આપે.
ગાયત્રીથી લક્ષ ગુણો વિશેષ, જાણે જ જેનો મહિમા મહેશ;
જ્યાં જ્યાં મહામુક્ત જનો વસાય, આ કાળમાં તો જપ એજ થાય.
જો અંતકાળે શ્રવણે સુણાય, પાપી તણો તે પણ મોક્ષ થાય;



તે મંત્રથી ભૂત પિશાચ ભાગે, તે મંત્રથી તો સદબુદ્ધિ જાગે.
તે મંત્ર જેના મુખથી જપાય, તેના થકી તો જમ નાશી જાય;
શ્રી સ્વામિનારાયણ જે કહેશે, ભાવે કુભાવે પણ મુક્તિ લેશે.
ષડક્ષરો છે ષટ શાસ્ત્ર સાર, તે તો ઉતારે ભવસિંધુ પાર;
છયે ઋતુમાં દિવસે નિશાયે, સર્વે ક્રિયામાં સમરો સદાયે.
પવિત્ર દેહે અપવિત્ર દેહે, તે નામ નિત્યે સ્મરવું સનેહે;
જળે કરીને તન મેલ જાય, આ નામથી અંતર શુદ્ધ થાય.
જેણે મહાપાપ કર્યા અનંત, જેણે પીડ્યાં બ્રાહ્મણ ધેનું સંત;
તે સ્વામિનારાયણ નામ લેતાં, લાજી મરે છે મુખથી કહેતાં.
શ્રી સ્વામિનારાયણ નામ સાર, છે પાપને તે પ્રજળાવનાર;
પાપી ઘણું અંતર હોય જેનું, બળ્યા વિના કેમ રહેજ તેનું ?

(શ્રીહરિલીલામૃત : ૫/૩/૪૫-૫૪)



## સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામી

અને 'લય, વિક્ષેપ, રસાસ્વાદ અને કષાય એ ચારને ટાળ્યાનો શો ઉપાય છે ?' એ પ્રશ્નનો ઉત્તર સ્વામીએ કર્યો જે લય તો ભગવાનની લીલાનાં ચિંતવને કરીને તથા **સ્વામિનારાયણ નામના ભજને** કરીને ટળે છે. ને વિક્ષેપ તો શ્રીજી મહારાજના માહાત્મ્યના વિચારે કરીને તથા આત્મા અનાત્માના વિવેકે કરીને ટળે છે. ને રસાસ્વાદ તો નિયમને વિષે યથાર્થપણે વર્તવે કરીને ટળે છે. ને કષાય તો સત્તારૂપ થઈને શ્રીજી મહારાજનું ધ્યાન કરવાથી ટળે છે.

(શ્રી ગોપાળાનંદ સ્વામીની વાતો, (સરધાર પ્રકાશન) : ૧/૨૮૦)



## સ.ગુ. શ્રી શુકાનંદ સ્વામી


એકાદશીને દિવસ આ કિર્તન સાંભળ્યાં જે **''સ્વામિનારાયણ સ્વામિનારાયણ ઉંચે સાદે ગાય, સાંભળીને યમદૂત તેને દૂરથી લાગે પાય''** એ કિર્તન સાંભળીને સંતે પૂછ્યું જે એ કિર્તન કુસંગી લોક ગાય તો યમદૂત છેટે રહે કે ન રહે ? ઉત્તર જે **સ્વામિનારાયણ કહેવું એ મહામંત્ર છે** તે શું ? તો સત્સંગી ગાતા હોય કે કુસંગી ગાતા હોય પણ **યમના દૂત તો છેટે રહે છે** એવો એ નામનો **પ્રતાપ** છે. માટે હાલતાં, ચાલતાં, ખાતાં, પીતાં, નાતાં, ધોતાં, બેસતાં, ઉઠતાં, એ આદિક સર્વે ક્રિયા કરતાં થકાં સદા એ **મંત્રનો જપ** કરવો ને એમ જે **મંત્રનો જપ** કરે છે તેની સામું શ્રીજીમહારાજ જોઈ રહ્યા છે. અને વળી એમ વાત કરી જે કથા, વાર્તા, ભજન, સ્મરણ, એ આદિક જે જે ક્રિયા કરીએ છીએ તે સર્વેને **શ્રીજીમહારાજ** જોઈ રહ્યા છે ને **અક્ષરધામના મુક્ત તથા ગોપાળાનંદ સ્વામીને આગળ** મહારાજ વાત કરે છે જે એ **બહુ સારું કરે છે** ને આપણા ઉપર **બહુ રાજી** થાય છે ને એકાદશીનો ઉપવાસ કરે છે ને બાર વાગ્યા લગણ જાગરણ કરી કથા, વાર્તા, કિર્તન કરે છે. તે બહુ સારું કરે છે એમ શ્રીજીમહારાજ અક્ષરના મુક્તને કહે છે ને આપણ સર્વે સામું જોઈ રહ્યા છે. (શ્રી શુકાનંદ સ્વામીની વાતો :- ૧૭)

ગઢડે શ્રીજીમહારાજ સભામાં વાતો કરીને પછી પોઢવા જાતા ત્યારે મનુષ્યને મોકલીને ખબર કઢાવતા જે કોણ કોણ વાતોનું મનન કરે છે ને કોણ ભજન, સ્મરણ, ને કિર્તન ગાય છે અને જે વાતોનું મનન કરતા ને કિર્તનાદિક કરતા તેના ઉપર બહુ રાજી થાતા અને આજ પણ જે જે ભજન, સ્મરણ, કથા, કિર્તન, વાર્તા, નામ-સ્મરણ, વચનામૃત, હરિસ્મૃતિ એ કંઠે કરીને બોલે છે ને રાતે ઊઠીને ભગવાનનું ધ્યાન કરે છે ને ઉંચે સાદે **'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...'** નામ લે છે તે સર્વેને શ્રીજીમહારાજ સાંભળે છે ને સર્વના સામું જોઈ રહ્યા છે ને બહુ રાજી થાય છે જે આ બહુ સારું કરે છે એમ સર્વે મુક્તને ને ગોપાળાનંદ સ્વામીને કહે છે ને સ્વામી પણ રાજી થાય છે.

(શ્રી શુકાનંદ સ્વામીની વાતો :- ૧૮)

એકવાર વિજયાત્માનંદ સ્વામી ભજન કરતા હતા જે હે સ્વામિનારાયણ! હે સ્વામિનારાયણ ! ત્યારે મહારાજ કહે શું કહો છો ? એમ જે **સ્વામિનારાયણ** કહે છે તેને મહારાજ જાણે છે જે આ ભક્ત મને સાદ કરે છે. (શ્રી શુકાનંદ સ્વામીની વાતો :- ૧૯)

એક વાર શ્રીજીમહારાજ ગઢડેથી ચાલ્યા તે કારીયાણી આવ્યા તે વસ્તાખાચરને મનસૂબો થયો જે મહારાજ ક્યાં ઉતરશે મેમાન છે એમ મનસૂબાને મહારાજ અંતર્યામીપણે જાણીને કટ લઈને ચાલી નીકળ્યા પછી તો બહુ તાણ કરી પણ રહ્યા નહિ ને રાત દોઢ પહોર ગઈ ત્યારે ગામ કુંડળને પાદર ચાલ્યા જતા હતા અને તે સમે મામૈયા પટગર સુતા ઊઠીને ઉંચે સાદે **'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...'** ભજન કરતા હતા તે સાંભળીને મહારાજ કટ વળીને ગયા પછી મામૈયા પટગરે કહ્યું છે અહો ! અહો ! મહારાજ ક્યાંથી આવ્યા ? ત્યારે શ્રીજીમહારાજ કહે તમે સાદ કર્યો તે અમે આંહી આવ્યા પછી તો શ્રીજીમહારાજે મામૈયા પટગરને કહ્યું જે તમે સ્વામિનારાયણ એમ સાદ કર્યા તે સાંભળીને અમે આંહી આવ્યા, નહિ તો અમારે ચાલ્યા જવા હતા એમ કહીને મામૈયા પટગર ઉપર બહુ રાજી થયા. (શ્રી શુકાનંદ સ્વામીની વાતો :- ૨૦)



## સ.ગુ.શ્રીગુણાતીતાનંદસ્વામી

પાંચ દશવાર **'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...'** નામ જાણે અજાણે

**લેશે, તેનું પણ** આપણે **કલ્યાણ** કરવું પડશે; ને આખા બ્રહ્માંડને સત્સંગ કરાવવો છે. (પ્રકરણ-૧, વાત:- ૨૪)

આખું બ્રહ્માંડ **સ્વામિનારાયણનું ભજન** કરશે ત્યારે સત્સંગ થયો; ને ત્યાં સુધી થાવો છે. ને મહારાજના મળેલા એક એક સાધુની કેડે લાખું માણસ ફરશે, ત્યાં સુધી સત્સંગ થાવો છે. (પ્રકરણ-૧, વાત:-૯૧)

અને **સ્વામિનારાયણ નામના મંત્ર જેવો બીજો કોઈ મંત્ર આજ બળિયો નથી.** એ મંત્રે કાળા નાગનું ઝેર ન ચડે ને એ મંત્રે વિષય ઉડી જાય છે ને બ્રહ્મરૂપ થાય છે ને કાળ, કર્મ, માયાનું બંધન છૂટી જાય છે. એવો બહુ બળિયો એ મંત્ર છે. માટે નિરંતર ભજન કરવું. (પ્રકરણ-૧, વાત:- ૧૫૪)

ને અમને તો હેત આવે છે તે વાત કરીએ છીએ; **જે સ્વામિનારાયણ નામનો મંત્ર બહુ બળિયો છે, માટે ભજન કર્યા કરવું.** (પ્રકરણ-૧, વાત:- ૨૪૫)

અને હરિભક્તને વાતો કરવાની આજ્ઞા કરી કે, વાતો કરજો તે વાતો તે શું ? જે **''સ્વામિનારાયણ ભગવાન છે, સ્વામિનારાયણ ભગવાન છે.''** એમ વાતો કરજો. (પ્રકરણ-૧, વાત:- ૨૬૯)

અને મૂંઝવણ આવે તો કેમ કરવું ? એ પ્રશ્ન પૂછ્યું, તેનો ઉત્તર કર્યો: **જે સ્વામિનારાયણ સ્વામિનારાયણ ભજન કરવું તેથી મૂંઝવણ ટળી જાય.** (પ્રકરણ-૧, વાત:- ૨૭૨)

વળી **બ્રહ્માંડ આખાના જીવ સ્વામિનારાયણ સ્વામિનારાયણ ભજન કરશે ત્યારે સત્સંગ થયો** એમ જાણવું.'' એમ કહીને વળી બોલ્યા જે **''કરોડ વહાણે કરીને એક મનવાર ભરાય એવી સો કરોડ મનવારો ભરાય એટલા જીવનું કલ્યાણ કરવું છે;** (પ્રકરણ-૪, વાત:- ૨૦)





## સ.ગુ. શ્રી મુક્તાનંદ સ્વામી

**રાગ : ભૈરવ પદ-૧**

સ્વામિનારાયણ સ્વામિનારાયણ કહો રે મન મેરા, એહિ હે મહા મંત્રસાર મીટે ભવફેરા. સ્વામિ૦ ૧
રટહુ નામ અષ્ટ જામ ટરે તાપ તેરા, માયા મોહાદિ મીટે ના'વે જમ તેરા. સ્વામિ૦ ૨
અજામિલ આદિ અધમ ઓધરે ઘણેરા, મહિમા ત્રઈ લોકમેં પ્રસિદ્ધ નામકેરા. સ્વામિ૦ ૩
શ્રીમુખ શ્રીહરિ આપ એહિ જાપ પ્રેરા, મુક્તાનંદ મંત્રરાજ મેટત અંધેરા. સ્વામિ૦ ૪

**પદ-૨**

સ્વામિનારાયણ સ્વામિનારાયણ સ્વામિનારાયણ જપના, મનવા એહી મંત્રરાજ ઈષ્ટદેવ અપના. સ્વામિ૦ ૧
હરત ફરત કરત કામ સ્વામિનારાયણ કૈયે, મોહાદિક શત્રુ મીટે પરમાનંદ પૈયે. સ્વામિ૦ ૨
ઉરમે હરિરૂપ ધારી રસના ગુન ગાવે, તાપર હરિ અધિક અધિક કરૂણા વરસાવે. સ્વામિ૦ ૩
નિશદિન હરિનામ જપે લોકલાજ ત્યાગી, મુક્તાનંદ તાસમો નહિ દૂજો બડભાગી. સ્વામિ૦ ૪



## સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી

**રાગ : ચમન કલ્યાણ પદ-૧**

સ્વામિનારાયણ નામ રે, વ્હાલું લાગે સ્વામિનારાયણ નામ રે...૦
રાત દિવસ મારા હૃદિયા ભીતર, જપીશ આઠું જામ રે...વ્હાલું-૧
ભવજળ તરવા પાર ઉતરવા, ઠરવાનું છે મારે ઠામ રે...વ્હાલું-૨
સર્વોપરી શ્યામ છે નરવીર નામ, સુંદર સુખડાનું ધામ રે...વ્હાલું-૩
નિષ્કુળાનંદના નાથને ભજતાં, વારે તેનું નહિં કામ રે...વ્હાલું-૪





## શ્રી નિષ્કુળાનંદ કાવ્ય

'હાલે હુકમ એ નામ તણો રે, આજ અમલ એહનો ઘણો રે;
શક્કો સર્વે પ્રકારે છે એનો રે, નથી અમલ આજ બીજા કેનો રે.'
(પુરુષોત્તમ પ્રકાશ : ૨૨/૧૯)

સુણી સ્વામિનારાયણ નામ રે, સર્યા કંઈક જીવના કામ રે;
કાને એ નામની ભણક પડી રે, તેને અક્ષરપોળ ઉઘડી રે.'
(પુરુષોત્તમ પ્રકાશ : ૨૩/૧૧)

'લેતા સ્વામિનારાયણ નામ રે, થાય શુદ્ધ સહુ નરવામ રે;
સ્વામિનારાયણ નામ જેવું રે, નથી બીજું નામ કોઈ એવું રે.
માટે જે જપશે એ નામ રે, તે તો પામશે અક્ષરધામ રે;
એવો એ નામનો પરતાપ રે, પ્રગટાવ્યો પૃથવી પર આપ રે.'
(પુરુષોત્તમ પ્રકાશ : ૩૩/૧૩-૧૪)

'સર્વે ધામના જે કોઈ ધામી રે, તે તો અમે નારાયણ સ્વામી રે;
વાત આજની છે અતિ મોટી રે, જેથી જીવ તર્યા કોટિ કોટિ રે.'
(પુરુષોત્તમ પ્રકાશ : ૪૪)

'જેમાં સહજાનંદ સ્વામી નામ રે, આવે જે કાવ્યમાં ઠામોઠામ રે;
એવીકાવ્યકે'તાનેસાંભળતારે,વારનલાગેમહાસુખમળતાંરે.
મહામંત્રરૂપ એ કા'વે રે, તેને તુલ્ય બીજુ કેમ આવે રે.'
(પુરુષોત્તમ પ્રકાશ : ૪૭/૭-૯-૧૦)

'આજ એ નામનો અમલ રે, તે ન વીસરવું એક પલ રે;
લેતા નામ નારાયણ સ્વામી રે, તે તો જાણો પામ્યા ભવપાર રે..'
(પુરુષોત્તમ પ્રકાશ : ૪૭/૧૨)

'સ્વામિનારાયણ સહુને, નક્કી લેવરાવ્યું નામ;
ભજન કરાવી આ ભવમાં, આપિયું અક્ષરધામ.'
(પુરુષોત્તમ પ્રકાશ : ૫૪/૧૫)

'સ્વામિનારાયણ નામનો રે, શક્કો બેસારિયો આપ,
એ નામને જે આશર્યા રે, તેના તે ટળિયા તાપ;'
(પુરુષોત્તમ પ્રકાશ : ૫૫/૧૧)



## સ.ગુ. શ્રી બ્રહ્માનંદ સ્વામી

**રાગ : પ્રભાત પદ-૧**

સ્વામિનારાયણ સ્વામિનારાયણ, સમરે દુઃખ જાવે;
મિટત શંક કાળ વ્યાળ, અતુલિત સુખ પાવે...સ્વા૦ ૧
વપુ અનૂપ સકળ વ્યાપ, તાપકું હરાવે;
શારદ અરુ શેષાદિક, નારદ મુનિ ગાવે...સ્વા૦ ૨
નિશ દિન જેહી રટત નામ, હિયમેં હુલસાવે;
મિટત તરત જનમ મરણ, ફીરણ ભવ ન આવે...સ્વા૦ ૩
સમરત અતિ હોત સુમતિ, કુમતિકું હરાવે;
પ્રગટ શ્યામ નામ વિના, ભવમેં ભરમાવે...સ્વા૦ ૪
વ્યાપત નહીં જાસ વિઘ્ન, જન્મ મરણ જાવે;
બ્રહ્માનંદ શ્યામ મૂરત, અંતર ઠેરાવે...સ્વા૦ ૫

**પદ-૨**

સ્વામિનારાયણ સ્વામિનારાયણ સ્વામિનારાયણ સત્ય રે;
રટ રે મન રેન દિન, ઓર સબ અસત્ય રે. સ્વા૦૧
નારદ શુક આદિ ધ્યાય, નિગમ ગાય નિત્ય રે;
શિવ વિરંચિ ઓર શેષ, ધ્યાન સોઉ ધરત રે. સ્વા૦૨
ધરત ધ્યાન મહા મુનીંદ્ર, સુરીયેંદ્ર સમત્ય રે;
સહજાનંદ જગત વંદ, આનંદ ઘન અત્ય રે. સ્વા૦૩
એક આપ વિશ્વ વ્યાપ, પાપકુ હરત્ય રે;
જાકો જીયે જપત જાપ, ટલત તાપ તરત રે. સ્વા૦૪
જગ્ત પાશ હોત નાશ, જોગ ધ્યાન જત્ત રે;
સમરત શ્રીરંગદાસ, વાસ ઉર વસત્ત રે. સ્વા૦૫



## સ.ગુ. શ્રી પ્રેમાનંદ સ્વામી

**રાગ : સોહની પદ-૧**

પ્રાણી સ્વામિનારાયણ સ્વામિનારાયણ ગાઈયે રે;
ગાઈયે દુરિજનથી લેશ ન લજાઈયે રે...ટેક૦
સ્વામિનારાયણ મહા મંત્ર છે પ્રગટ હરિનું નામ;
આ અવસર જે કોઈ લેશે, તેનાં સરશે કામ...પ્રાણી૦ ૧
સ્વામિનારાયણ સ્વામિનારાયણ, ઊંચે સાદે ગાય;
સાંભળીને જમદૂત તેને, દૂરથી લાગે પાય...પ્રાણી૦ ૨
સ્વામિનારાયણ નામનો પ્રાણી, અતિ મોટો પ્રતાપ;
અંતકાળે પ્રભુ તેડવા આવે, સ્વામિનારાયણ આપ...પ્રાણી૦ ૩
સ્વામિનારાયણ સુમરીયે પ્રાણી, તજી લોકની લાજ;
પ્રેમાનંદ કહે રાજી થઈ, તેના ઉરમાં રહે મહારાજ...પ્રાણી૦ ૪

**રાગ : ધોળ પદ-૧**

સ્વામિનારાયણ આજ પ્રગટ મહામંત્ર છે,
શ્રવણે સાંભળતા કંપે દિનકરદૂત જો;
ભવનાં બંધન સદ્ય કાપી સુખિયાં કરે,
શું કહી દાખું મહિમા અતિ અદ્ભુત જો. સ્વામિ૦ ૧
અનેક પતિત ઓધાર્યા પૂરવે આ મંત્રથકી,
અજામિલ ગનિકા આદિક અપાર જો;
તે મંત્ર આજ મહારાજે પ્રગટ કર્યો,
કળિમાં કરવા અનેક પતિત ભવપાર જો. સ્વામિ૦ ૨

સકામી જન સુમરી પામે ત્રિવર્ગને, નિષ્કામી જન પામે પદ નિર્વાણ જો;
નામતણા નામી સ્વામી પ્રગટ મળ્યા, તે જનના શું કરૂં મુખે વખાણ જો. સ્વામિ૦ ૩
ભવબ્રહ્મામુનિમુક્તજપેઆમંત્રને,તેસહુપામ્યામનવાંછિતસુખસાજજો;
પ્રેમાનંદ કહે કર જોડી સહુ જનને, ભૂલશો માં અવસર આવ્યો આજ જો. સ્વામિ૦ ૪





## સ.ગુ. શ્રી દેવાનંદ સ્વામી

**રાગ : ધન્યાશ્રી પદ - ૧**

સ્વામિનારાયણસુમરણકરલે,ભજયનારાયણભાઈ;રસનાસ્વામિનારાયણરટતે,જનમમરણમીટજાઈ.સ્વા૦૧
અજામેલ ગુનકા કો યારી, અધર્મ પાપી અન્યાઈ; નારાયણ સુત નામ રટન કરી, સો વૈકુંઠ વસાઈ. સ્વા૦૨
મહામંત્ર નારાયણ અસ્તર, ધ્રુવ મારત ભયે ધાઈ; ત્રીસ સહસ્ત્ર એ યક્ષ હે જોધા, મર ગયે મુનિપદ પાઈ. સ્વા૦૩
નામ તણો મહિમા અતિ મોટો, વેદ પુરાન બતાઈ; દેવાનંદ કહે સ્વામી પ્રગટ ભયે, સંતન કે સુખદાઈ. સ્વા૦૪



## સ.ગુ. શ્રી ભૂમાનંદ સ્વામી

**રાગ : ઠૂમરી**

સહજાનંદ શુભ નામ રટો; સ્વામિનારાયણ નારાયણ નારાયણ રે૦...ટેક.
તન મન ધન અર્પણ કરી ઈનકું; હાંરે પ્રભુ જુત હોય કે પ્રભુ પારાયણ રે૦...૧
શ્યામ બિના સબ દેહું નિકાસી; હાંરે ઉરહુંસે સજન સુત દારાયણ રે૦...૨
મન કર્મ વચને મોહનકે હોયકે; હાંરે શ્વાસોશ્વાસ સંભારી દિનસારાયણ રે૦...૩
ભૂમાનંદ એહિ અંત સમેકો; હાંરે સગો નરક ચોરાશી દુઃખ તારાયણ રે૦...૪



## સ.ગુ. શ્રી અવિનાશાનંદ સ્વામી

**રાગ : ગરબી ઠૂમરી પદ - ૧**

સ્વામિનારાયન સ્વામિનારાયન, નામ રટો જન નેન નિહાર. સ્વામિ૦૧
સિંધુસુતા[1] સમ કોટિ યશ મિલિ, ચરન ચાંપત ચિત્ત ધાર. સ્વામિ૦૨
વારિજસુત[2] વૃષવાહન[3] સુરવસુ, રટત હે નાંઉ ઉચાર. સ્વામિ૦૩
સિંધુસુતાસુત[4] હાર હિયાપર, લટકત લલીત અપાર. સ્વામિ૦૪
પ્રાણપતિ પીયા પ્રગટ છબીપર, અવિનાશાનંદ બલહાર. સ્વામિ૦૫

૧. લક્ષ્મીજી. ૨. બ્રહ્મા. ૩. શંકર. ૪. મોતી.



## અન્ય ભક્ત કવિઓ

**રાગ : ખમાચ પદ-૧**

રૂડું સ્વામિનારાયણ નામ, નિત્ય સંભારીએ રે, વળી કરતાં ઘરનું કામ, ઘડી ન વિસારીએ રે.
ધર્મસુતનું ધ્યાન જ ધરતાં, વાર નહીં ભવસાગર તરતાં, હરતાં ફરતાં હરિને હૈયે ધારીએ રે...રૂડું૦ ૧
દુઃખ પડે દિલગીર ન થાવું, સુખ મળે હરખાઈ ન જાવું, સદાય હિંમત હૈયેથી નવ હારીએ રે...રૂડું૦ ૨
સંસાર છે સુખ દુઃખનો દરિયો, તેમાં તરી શકે કોઈક જ તરિયો,
સંતસમાગમ કરીને મનને મારીએ રે...રૂડું૦ ૩
સ્મરણ કરતાં સુખ જ થાશે, ફોગટનો ફેરો ટળી જાશે,
મૂળજી કહે મહારાજ મુજને તારીએ રે...રૂડું૦ ૪





# સત્સંગ સમાચાર પત્રિકા

સ્વામી ઘનશ્યામદાસજી તથા સ્વામી ધર્મવલ્લભદાસજી - રઘુવીરવાડી



પાદરા (વડોદરા)ને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્ય યોજાયેલ 'શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ-૨૦૧૦'ના ઉપક્રમે 'આમંત્રણ સત્સંગ સભા' (તા. ૧૪-૧૦-૨૦૧૦)



ધંધુકા (ભાલપ્રદેશ)ને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્ય યોજાયેલ 'શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ-૨૦૧૦'ના ઉપક્રમે 'આમંત્રણ સત્સંગ સભા' (તા. ૧૫-૧૦-૨૦૧૦)




ગુંજાર(ધંધુકા)ને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્ય યોજાયેલ 'શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ-૨૦૧૦'ના ઉપક્રમે 'આમંત્રણ સત્સંગ સભા' (તા. ૧૫-૧૦-૨૦૧૦)





નાગનેશ (રાણપુર)ને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્ય યોજાયેલ 'શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ-૨૦૧૦'ના ઉપક્રમે 'આમંત્રણ સત્સંગ સભા' (તા. ૧૫-૧૦-૨૦૧૦)






ગઢપુરને આંગણે શાહ પરિવાર - કલકતાના યજમાનપદે યોજાયેલ 'શ્રીમદ્ સત્સંગિજીવન કથાપારાયણ'માં આશીર્વાદ પાઠવતા પ.પૂ. લાલજી મહારાજશ્રી (તા. ૧૬-૧૦-૨૦૧૦)





સાવરકુંડલાને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્ય યોજાયેલ 'શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ-૨૦૧૦'ના ઉપક્રમે 'આમંત્રણ સત્સંગ સભા' (તા. ૧૬-૧૦-૨૦૧૦)





બોટાદને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્ય યોજાયેલ 'શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ-૨૦૧૦'ના ઉપક્રમે 'આમંત્રણ સત્સંગ સભા' (તા. ૧૬-૧૦-૨૦૧૦)



રઘુવીરવાડી - વડતાલને આંગણે દશેરા પવિત્ર દિવસે શસ્ત્રપૂજન તથા શમીપૂજન કરતા બંને પ.પૂ. લાલજી મહારાજશ્રી (તા. ૧૭-૧૦-૨૦૧૦)



ભાવનગરને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્ય યોજાયેલ 'શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ-૨૦૧૦'ના ઉપક્રમે 'આમંત્રણ સત્સંગ સભા' (તા. ૧૭-૧૦-૨૦૧૦)



રાજુલાને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્ય યોજાયેલ 'શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ-૨૦૧૦'ના ઉપક્રમે 'આમંત્રણ સત્સંગ સભા' (તા. ૧૮-૧૦-૨૦૧૦)



હેમાળ (જુનાગઢ પ્રદેશ)ને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્ય યોજાયેલ 'શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ-૨૦૧૦'ના ઉપક્રમે 'આમંત્રણ સત્સંગ સભા' (તા. ૧૮-૧૦)



પડવલા (જૂનાગઢ પ્રદેશ)ને આંગણે નૂતન મંદિરનું 'ખાતમુહૂર્ત-ભૂમિપૂજન' કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી (તા. ૧૦-૧૧-૨૦૧૦)



## સરધારધામને આંગણે યોજાયેલ પંદરમી 'શ્રી સ્વામિનારાયણ સત્સંગ છાવણી' (તા. ૩ થી ૧૦ નવેમ્બર-૨૦૧૦) - તસ્વીર દર્શન

પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી વિદ્યમાન આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી પ.પૂ. લાલજી મહારાજશ્રીના અધ્યક્ષપદે તેમજ પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન પ્રમાણે તા. ૩ થી ૧૦ નવેમ્બર-૨૦૧૦ સુધી સરધારધામને આંગણે પંદરમી 'શ્રી સ્વામિનારાયણ સત્સંગ છાવણી' ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ સત્સંગ છાવણી દરમ્યાન પૂ. સ્વામીએ વચનામૃત ઉપર તેમજ પૂ. સ્વામી પૂર્ણસ્વરૂપદાસજીએ હરિસ્મૃતિ ગ્રંથ ઉપર પોતાના રસાળ સુંદર શૈલીમાં કથામૃતનું રસપાન કરાવ્યુહતું. તેમજ નૂતન વર્ષ પૂજનવિધિ-સ્નેહમિલન, પ્રસાદિના સ્થાનોમાં સમૂહદર્શન, ઓળા ઉત્સવ, શેરડી ઉત્સવ, રાસોત્સવ વગેરે ભક્તિસભર દિવ્ય મહોત્સવો સંતો-હરિભક્તોએ સમૂહમાં ખૂબજ ધામધૂમપૂર્વક ઉજવ્યા હતા.

# અક્ષરધામ શ્રી ગઢપુરને આંગણે આનંદના વધામણા...

'શ્રી સ્વામિનારાયણ' મહામંત્ર ઉદ્‌ઘોષણાના - ૨૦૯માં વર્ષમાં વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી
આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની
આજ્ઞાથી વિશ્વશાંતિ અને ભગવાન શ્રીહરિની પ્રસન્નતાર્થે શ્રી ગોપીનાથજી મહારાજના દિવ્ય સાંનિધ્યમાં





## આંતરરાષ્ટ્રીય શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ

૩૬૫ કરોડ મહામંત્ર લેખન... 2010

ગઢપુર

## તારીખ ૨૩ થી ૩૧ ડીસેમ્બર - ૨૦૧૦

### :: દિવ્ય આયોજનો ::

- ૩૬૫ કરોડ મંત્રલેખન
- શ્રીમદ્ સત્સંગિજીવન પારાયણ
- ભવ્ય ૨૦૯ કુંડી શ્રીહરિ યાગ
- અખંડ મહામંત્ર ધૂન
- દેવોનો મહાઅભિષેક
- અન્નકૂટ મહોત્સવ
- ધર્માચાર્ય-સંત સંમેલન
- રાસોત્સવ શાકોત્સવ
- ફૂલદોલોત્સવ
- મેડીકેલ કેમ્પો
- યુવા મહોત્સવ તથા વિવિધ કાર્યક્રમો



અધ્યક્ષશ્રી :- પ.પૂ. ધ.ધુ. મહારાજશ્રી




ઉપાધ્યક્ષશ્રી :- પ.પૂ. લાલજી મહારાજશ્રી

### મહોત્સવ સ્થળ :- શ્રી લક્ષ્મીવાડી - ગઢપુર

### :: આયોજક ::

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના વડતાલ શ્રી લક્ષ્મીનારાયણ દેવ પીઠાધિપતિ
પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના
રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી વડતાલ, જૂનાગઢ, ધોલેરા, ગઢપુર પ્રદેશ ધર્મકુળ આશ્રિત સત્સંગ સમાજ વતિ



## શ્રી સ્વામિનારાયણ મંદિર (મુખ્ય) ગઢપુર.

## ફો.નં. (૦૨૮૪૭)૨૫૨૮૦૦/૯૦૦

**મહોત્સવનું પ્રસારણ संस्कार ચેનલ ઉપર કરવામાં આવશે.**

visit us :- www.gopinathji.com ✦ www.swaminarayanvadtalgadi.org ✦ www.swaminarayanmahamantra.org
E-mail :- info@gopinathji.com ✦ gadhpur@gmail.com

### :: મહોત્સવ પ્રસારણ સમય ::

તા. ૨૩ થી ૨૬-૧૨-૨૦૧૦ સુધી રાત્રે ૧૦.૦૦ થી ૧.૦૦
તા. ૨૭ થી ૩૧-૧૨-૨૦૧૦ સુધી બપોરે ૨.૩૦ થી ૬.૩૦

### :: લાઈવ ટેલીકાસ્ટ ::

www.swaminarayanvadtalgadi.org
www.gopinathji.com



ગઢપુરને આંગણે પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્યમાં
યોજાયેલ શ્રી ગોપીનાથજી મહારાજ આદિક દેવોનો '૧૮૧મો વાર્ષિક પાટોત્સવ' (તા. ૧૯-૧૦-૨૦૧૦)



**ખોપાળાને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ના રૂડા આશીર્વાદથી તેમજ પૂ. સ.ગુ. સ્વામી શ્રી લક્ષ્મીપ્રસાદદાસજીના માર્ગદર્શન પ્રમાણે યોજાયલ 'दिव्य सत्संग शिबिर'માં શોભાયાત્રા, દર્શન, અમૃતવાણી, અભિષેક વગેરેમાં લાભ આપતા પ.પૂ. લાલજી મહારાજશ્રી (તા. ૭ થી ૧૪-૧૧-૨૦૧૦)**



પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી વિદ્યમાન આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી તેમજ પ.પૂ. લાલજી મહારાજશ્રીના અધ્યક્ષપદે સરધારધામને આંગણે યોજાયેલ પંદરમી 'શ્રી સ્વામિનારાયણ સત્સંગ છાવણી' (તા. ૩ થી ૧૦ નવેમ્બર-૨૦૧૦)

છબીકલા : શ્રીહરિકૃષ્ણ વિડિયો વિઝન - સુરત. મો. ૯૪૨૮૬૯૫૫૧૩, શ્રીહરિ ડીઝીટલ સ્ટુડીયો - સુરત. મો. ૯૯૨૫૦૩૦૨૫૦



તા.૩૧-૧૦-૨૦૧૦ના રોજ 'Kingsbury,London' ખાતે પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ
શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની દિવ્ય સાંનિધ્યમાં યોજાયેલ 'દિવ્ય સત્સંગ સભા'



ગઢપુરપતિ શ્રી ગોપીનાથજી મહારાજના દિવ્ય સાંનિધ્યમાં પ.પૂ. લાલજી મહારાજશ્રીનું સ્વાગતપૂજન કરતા જૂનાગઢ શ્રી રાધારમણ દેવ
ટ્રસ્ટ બોર્ડના ચેરમેન શા. સ્વામી શ્રી પ્રેમસ્વરૂપદાસજી તથા કોઠારી શા. સ્વામી શ્રી ભક્તિપ્રકાશદાસજી તેમજ ટ્રસ્ટમંડળના ગૃહસ્થ સભ્યશ્રીઓ.

છબીકલા : નારાયણભાઈ સોલંકી તથા રાકેશભાઈ પટેલ - યુ.કે. તથા મનિષભાઈ પટેલ - વડોદરા, શ્રીહરિકૃષ્ણ વિડિયો વિઝન - સુરત. મો. ૯૪૨૮૬૯૫૫૧૩,

Printed and Published by Swami Viraktswrupdasji on behalf of Sardhar and Printed at Shreeji Art, GF-12, Ashirvad Shopping Center, Ashram RD, Paldi - A'MD. and Published from Shree Swaminarayan Temple - Sardhar, Dist-Rajkot - 360025. Editor - Sadhu Patitpavandasji